યોગ, સ્વાસ્થ્ય અને નૈતિકજીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૦, અંક - ૧૧ નવેમ્બર-૨૦૧૩

Postal Registration No. GAMC 1417/2012-2014 Valid up to 31-12-2014 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahbad-2. Annual Subscription Rs.150/-



## અવશ્ય કરો

સત્ય શુદ્ધિ નિઃસ્વાર્થતા, દયાળુપણું તથા સ્વભાવની સરળતાના સદ્‌ગુણો કેળવો. તમારા ક્રોધને કાબૂમાં રાખો. ઘૃણા અને બીજી દુર્વૃતિઓનો ત્યાગ કરો. હર સમયે ભગવાનનું સ્મરણ રાખો અને તેમના પવિત્ર નામનો સદા જપ કરતા રહો.

- સ્વામી શિવાનંદ



શ્રીશ્રી અષ્ટલક્ષ્મી - આદિશક્તિ પીઠ શિવાનંદ આશ્રમ ખાતે
રવિવાર તા. ૩-૧૧-૨૦૧૩ને દિવાળીના પવિત્ર પર્વે ભવ્ય અન્નકૂટ દર્શન

## શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત

# દિવ્ય જીવન

વર્ષ : ૧૦ | અંક : ૧૧ | નવેમ્બર-૨૦૧૩

**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
શ્રી સ્વામી અધ્યાત્માનંદજી
ડૉ. મફતભાઈ જે. પટણી
શ્રીમતી રૂપા મજમુદાર

○

**તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**

**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

○

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યજ્ઞેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

○

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

### લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા | : | રૂ. ૧૫૦૦૦/- |


ॐ

निषेधनं प्रपञ्चस्य रेचकाख्यः समीरणः ।
ब्रह्मोवास्मीति या वृत्तिं पूरको वायुरीरितः ॥
ततस्तद्वृत्तिनैश्चल्यं कुम्भकः प्राणसंयमः ।
अयं चापि प्रबुद्धानामज्ञानां घ्राणपीडनम् ॥
विषयेष्वात्मतां दृष्ट्वा मनसश्चितिमज्जनम् ।
प्रत्याहारः स विज्ञेयोऽभ्यसनीयो मुमुक्षुभिः ॥

**अपरोक्षानुभूतिः ११९,१२०,१२१**

જગતનું મિથ્યાપણું (જાણવું તે) રેચક નામનો પ્રાણાયામ (છે અને) 'હું બ્રહ્મ જ છું' આવી જે વૃત્તિ (તે) પૂરક પ્રાણાયામ કહેવાયો છે.

પછી (હું બ્રહ્મ જ છું) તે વૃત્તિની સ્થિરતા કુંભક પ્રાણાયામ (છે. આવા પ્રકારનો) આ (પ્રાણાયામ) જ્ઞાનીઓનો જ (છે.) અજ્ઞાનીઓનો તો નાસિકા દાબવી એ પ્રાણાયામ છે.

(શબ્દાદિ) વિષયોમાં આત્મપણાનું અનુસંધાન કરીને અંતઃકરણને ચેતનમાં ડૂબાવી દેવું તે પ્રત્યાહાર જાણવો જોઈએ. મુમુક્ષુઓએ આનો અભ્યાસ કરવો જોઈએ.

## શિવાનંદ વાણી

**નૂતન વર્ષાભિનંદન :** પ્રકાશમાન આત્મા! તમારી સામે પથરાયેલું નવું વર્ષ તમારા માટે વિકાસ, સંસ્કૃતિ, આધ્યાત્મિકતા અને ઉત્કૃષ્ટ નિઃસ્વાર્થતા, ત્યાગ અને સેવાનાં ઉમદા જીવન કેળવવાની ૩૬૫ પગથિયાંની ઊર્ધ્વગમનની, આરોહણની સીડી બની રહો. તમે ઊંચાઈઓ સર કરીને, પેલી પાર દિવ્ય ચેતના, ભગવદ્-ચેતના, દિવ્ય-સભાનતામાં પ્રવેશો. દૂર દેખાતી ટોચ પર પહોંચવા માટે દરેક દિવસને ઉપર જવા માટે આરોહણનો બનાવો અને તમે હાલ જે સ્તરે છો તેનાથી ક્યાંક વધુ ઊંચે આવતી દીપાવલીએ પહોંચો.

તમારે નવું વર્ષ જેવું બનાવવું હશે તેવું તે બનશે જ, કારણ પરમ શક્તિનો તમારી અંદર વાસ છે તમારી જાતમાં શ્રદ્ધા રાખો, વિશ્વાસ રાખો. સમજી લો કે શ્રદ્ધા અને સદ્‌ભાવ હોય ત્યાં કશું અશક્ય નથી. સાચી ઈચ્છા અને આકાંક્ષા હોય ત્યાં ઈચ્છિત વસ્તુ પ્રાપ્ય કરી, મેળવી શકાય છે. કારણકે તમે તેને માટે છો અને આ જીવનનું તે લક્ષ્ય છે. આ તમે દાવો કરી શકો તેવો તમારો જન્મજાત હક્ક છે.

ભગવાન તમારું ભલું કરે!

**- સ્વામી શિવાનંદ**

**પ્રકાશક-મુદ્રક :** અરુણ દેવેન્દ્ર ઓઝા, **માલિક :** ગુજરાત દિવ્ય જીવન સંઘ વતીઃ પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્લોક - અપરોક્ષાનુભૂતિ | શ્રીમદ્ આદિ શંકરાચાર્ય | ૩ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | | ૪ |
| ૩. | સંપાદકીય | સંપાદક | ૫ |
| ૪. | વેદાંત | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૬ |
| ૫. | ષણ્મુખની હાક્લ | શ્રી સ્વામી ચિદાનંદજી | ૧૦ |
| ૬. | ધ્યાન અને મંત્ર - ૪૫ | શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી | ૧૨ |
| ૭. | દીપોત્સવી પર્વ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૧૪ |
| ૮. | ભક્તિ-૨ કથામાં અનુરાગ | શ્રી સ્વામી ગોવિંદદેવગિરિજી | ૧૮ |
| ૯. | સાધનાપથમાં ગુરુદેવનું મહત્વ | શ્રી સ્વામી અભિરામદાસત્યાગીજી | ૨૧ |
| ૧૦. | આનંદ કુટીરનો સાદ | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૨૩ |
| ૧૧. | શિવાનંદ કથામૃત | ગુરુદેવના સંન્યાસી શિષ્યો | ૨૩ |
| ૧૨. | અમૃતપુત્ર-૨૦ | શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડે | ૨૬ |
| ૧૨. | ધન્યજીવન-૧ | શ્રીમતી જ્યોતિબહેન થાનકી | ૨૬ |
| ૧૨. | વૃત્તાંત | | ૩૧ |


## તહેવાર સૂચિ

**નવેમ્બર, ૨૦૧૩**

| તા. | તિથિ | (આસો વદ) |
|---|---|---|
| ૧ | ૧૩ | પ્રદોષ પૂજા, ધનતેરસ |
| ૨ | ૧૪ | કાળી ચૌદસ |
| ૩ | ૩૦ | અમાવાસ્યા, દીપાવલી |
| | | **(કારતક સુદ)** |
| ૪ | ૧ | નૂતનવર્ષ પ્રારંભ (૨૦૭૦) |
| ૫ | ૨ | ભાઈબીજ, યમદ્વિતીયા |
| ૮ | ૬ | શ્રી સ્કંદ ષષ્ઠી |
| ૧૦ | ૮ | ગોપાષ્ટમી, પૂ. સ્વામી કૃષ્ણાનંદજી મહારાજની પુણ્યતિથિ આરાધના ૧૨મી સંવત્સરી |
| ૧૧ | ૯ | તુલસી પૂજા |
| ૧૩ | ૧૧ | દેવઉઠી એકાદશી |
| ૧૪ | ૧૨ | ઉત્તહાન દ્વાદશી, ચાતુર્માસ, વ્રત પૂરું |
| ૧૫ | ૧૩ | પ્રદોષ પૂજા, વૈકુંઠ ચતુર્દશી |
| ૧૭ | ૧૫ | કાર્તિક પૂર્ણિમા, શ્રી ગુરુ નાનક જયંતી |
| | | **(કારતક વદ)** |
| ૨૯ | ૧૧ | એકાદશી |
| ૩૦ | ૧૩ | પ્રદોષ પૂજા |

### ''અનુરોધ-અભિલાષા'' ગ્રાહકોને :

- **આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાની ચોકસાઈ માટે વિનંતી.**
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

**દિવ્યતા પ્રગટાવો :** બધા જ બારેબાર માસ, દર માસનો પ્રત્યેક દિવસ, રોજેરોજના ચોવીસ કલાક આપણે સભાનતામાં જીવીએ અને આપણા જીવનને દિવ્ય બનાવીએ. આપણા જીવનને એવી સૌન્દર્યકૃતિ બનાવીએ કે પ્રાણીમાત્ર માટે એ આનંદનો વિષય બની જાય. ઈશ્વરનાં સંતાન બનીને સ્વભાવે પણ દૈવી બનીને જ આપણે જીવીએ.

**- સ્વામી ચિદાનંદ**

# સંપાદકીય

આશ્વિન અને કાર્તિક આ બે મહિના શરદઋતુના માસ કહેવાય છે. શરદઋતુમાં નદીઓનાં નીર નિર્મળ થાય; આકાશ પણ નિરભ્ર થાય. નવરાત્રીનું પર્વ શક્તિની આરાધના એટલે આત્મસંયમ તથા દશેરા એટલે અહંના વિનાશ પછી સરલતા, સહજતા, પ્રામાણિકતા અને નિષ્ઠાપૂર્વકના સત્યના વિજયનું પર્વ. ત્યારબાદ શરદપૂર્ણિમા એટલે રાસોત્સવનું પર્વ. રસો વૈસઃ પ્રભુનું સ્વરૂપ 'રસરાજનું સ્વરૂપ' કહેવામાં આવ્યું છે. આપણો આત્મા શ્રીકૃષ્ણ છે. ઈન્દ્રિયો ગોપીકાઓ છે. જ્યારે ઈન્દ્રિયો આત્મસ્થ હોય ત્યારે જ્ઞાન, પ્રકાશ અને વિકાસની ચાંદની અંતરના આકાશમાં પ્રસરે, ત્યાં આત્મૈક્ય થતાં નિજાનંદનો રાસ રચાય.

આમ, શરદઋતુ માત્ર બાહ્ય અવકાશ અને પર્યાવરણના પાવિત્ર્યનું પર્વ કે ઋતુ નથી; તે આપણા સૌના અંતરને અજવાળવાનું પર્વ પણ ખરું જ. ગીતા કહે છે;

ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ ।
કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્મોદેવત્ત્રયં ત્યજેત્ ॥
(ગીતા : ૧૬:૨૧)

કામ ક્રોધ અને લોભના રોગથી મુક્ત થવા માટે અહીં શ્રીકૃષ્ણે હાકલ કરી છે ત્યારે આ શારદીય પર્વોમાં દિવાળી ક્યારે ઊજવી શકાય, જ્યારે આ કલુષિત કાષાયથી મુક્ત થઈએ નરકાસુરનો નાશ થાય ત્યારે દીપોત્સવી ઉત્સવ ઉજવાય. આ શરદોત્સવની સૌપ્રથમ બાધા મનુષ્યમાં રહેલ પાશવી સ્વભાવ છે. દિવાળી પૂર્વે આ નરકાસુરનો જ નાશ કરવાનો છે.

ગુરુગ્રંથ સાહેબમાં સુંદર કથન છે.

જો રત્ત લગે કપડા જામા હોય પલીત
જો રત્ત પીવે માનસા તિન ક્યોં નિર્મલ ચીત ॥

જે કુર્તા-પાયજામામાં થોડુંક પણ લોહી પડે તો તેને આપણે ગંદું કહીએ છીએ. તો જે માણસ માંસાહારી હોય કે અકારણે કોઈનો લોહી ઉકાળો કરે - લોહી પીએ તો તેનું ચિત્ત ભલા ક્યાંથી નિર્મળ હોઈ શકે.

શ્રીરામચરિતમાનસમાં તુલસીદાસજી કહે છે.

નિર્મલ મન જન સોઈ મોહિ પાવા ।
મોહિ કપટ છલ છિદ્ર ન ભાવા ॥

સત્યેન શુદ્ધયતિ - મનની શુદ્ધિ સત્ય પ્રતિષ્ઠિત આચરણથી થાય છે. માટે 'યન્મસા ધ્યાયતિ તદ્વાચા વદતિ, યદ્વાચા વદતિ તત્કર્મણા કરોતિ' - મનમાં જે વિચારો હોય તે જ વાણીમાં વદો, જે બોલો તે પ્રમાણે કરો. કરણી અને કથનીમાં ઐક્ય ન હોય ત્યાં સુધી સત્ત્વસંશુદ્ધિ સંભવી ન શકે.

ચિત્ત નિર્મળ થાય તો જ આતમ અજવાળે. અહીં જ આતમ ઉજાગરનું પર્વ દિવાળી સાર્થક થાય. દિવાળીના ઉત્સવે અંતર ઉજ્જ્વળ થાય, નિર્મળ થાય તો દેવો પણ દિવાળી ઉજવે, દિવાળીના પંદર દિવસ પછી, તેને દેવદિવાળી કહેવાય. આપણે આપણાં આયખાં અને માંહ્યલાને સુંદર કરીએ કે દેવોને પણ આપણા આત્માની ઉજ્જ્વળતાનો ઉત્સવ કરવાની ઇચ્છા થાય.

**ૐ શાંતિ**

**(સૌજન્યઃ આકાશવાણી રાજકોટ)**

**- સંપાદક**

# વેદાંત

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

**પરિચય**

**વેદાન્ત એટલે શું?**

વેદાન્ત એ વેદો અથવા ઉપનિષદોનો ધર્મ છે. તે જ ફક્ત વૈશ્વિક સનાતન ધર્મ છે. વેદાન્તનો અર્થ છે ''વેદોનો પાછળનો ભાગ'' અથવા ''વેદોનું સત્ત્વ'' ટૂંકમાં તેને સૂત્ર ''તત્ ત્વમ્ અસિ- તે તું છે''થી દર્શાવી શકાય. તેનો અર્થ જીવ તાત્ત્વિક રીતે ઈશ્વર અથવા પરમાત્મા સાથે એકરૂપ છે તેવો થાય. ઈશ્વર, આત્મા અને બ્રહ્મ સમાનાર્થી શબ્દો છે.

શ્રી શંકરે વેદાન્તના મુખ્ય સિદ્ધાંતને ટૂંકમાં ફક્ત અર્ધા શ્લોકમાં સુંદર રીતે આપ્યો છે. તેઓ કહે છેઃ ''સેંકડો પુસ્તકોમાં જે કહ્યું છે તેને હું અડધા શ્લોકમાં દર્શાવું છું. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે; અને આત્મા તથા બ્રહ્મ એક જ છે.''

વેદાન્ત કહે છે ''હે અલ્પ માનવ ! તારી ઓળખ નાશવંત શરીર દ્વારા આપીશ નહિ. 'હું-પણું' અને 'મારા-પણું' છોડી દે. તારા પાડોશી અથવા ભાઈને ધિક્કારીશ નહિ. તેનો ગેરલાભ લેવાનો પ્રયત્ન કરીશ નહિ. તે તારો પોતાનો જ આત્મા છે. બધામાં એક સમાન આત્મા ધબકી રહ્યો છે. રાજા કે ખેડૂત, કીડી કે કૂતરો, સ્ત્રી કે પુરુષ, મોચી કે ઝાડુવાળો-બધાનો આત્મા એક જ છે. તે જ સાચું અમર તત્ત્વ છે. મનને લીધે તું લલચાય છે. તેમ જ ભ્રમિત થાય છે. શરીર અને મનની ઉપરઊઠ. શું સાચું છે અને શું ખોટું છે તે જાણતાં શીખ. બધામાં ઈશ્વરને જો. અનેકમાં એકને જો. બધાં દુઃખોનો નાશ થઈ જશે.''

વેદાન્ત એવી ફિલસૂફી છે જે જીવનનું એકત્વ શીખવે છે, તે હિંમતપૂર્વક ભાર દઈને જાહેર કરે છે કે આ ક્ષુદ્ર માનવ જીવ ઈશ્વરથી અભિન્ન છે. તે આપણાં મનને ઈશ્વરદર્શન, દિવ્ય ભવ્યતા અને ઐશ્વર્યને પામવા માટે ઉન્નત કરે છે. તે મનુષ્યને નિર્ભય બનાવે છે. તે માણસ માણસને જુદા પાડતા બધા અવરોધોને દૂર કરે છે અને સંપ, પ્રસન્નતા, શાંતિ અને સંવાદિતા લાવે છે.

જો વેદાન્ત યોગ્ય રીતે સમજી તેને આચરણમાં મૂકવામાં આવે તો વિશ્વયુદ્ધો અને આજે દેખાતા બધા પ્રકારના ઝઘડા, ભાગલા અને મારામારીઓનો અંત આવે. તે શીખવે છે : ''તારા પાડોશીને તારી જાત માફક પ્રેમ કર'' આ ભવ્ય અનન્ય ફિલસૂફી બધા જ ફિલસૂફોની માતા છે તેનો ઉપદેશ દત્તાત્રેયે, યાજ્ઞવલ્ક્યે અને શંકરાચાર્યે કર્યો, અને આધુનિક સમયમાં સ્વામી રામતીર્થે અને સ્વામી વિવેકાનંદે કર્યો.

**ઈશ્વર-વેદાન્તની દૃષ્ટિએ**

મહાન ઋષિઓએ તેમના દિવ્ય આધ્યાત્મિક અનુભવો તેજસ્વી ભાષામાં દર્શાવ્યા છે. તેમણે ખૂબ મહેનત અને ઊંડા ધ્યાન દ્વારા સાંપડેલા આંતરિક અનુભવોને ખુલ્લા કર્યા. આ બધા અનુભવોનો સંગ્રહ એટલે ઉપનિષદો, અને તે જ વેદાન્ત છે.

ઋષિઓએ બ્રહ્મનું વર્ણન શબ્દો દ્વારા કરવામાં ખૂબ શ્રમ લીધો છે. તેઓ કહે છે કે બ્રહ્મની વ્યાખ્યા આપવી એટલે તેને નકારવો, કારણ કે બ્રહ્મ વર્ણનાતીત છે. બ્રહ્મ આંખો વગર જુએ છે, કાન વગર સાંભળે છે, ત્વચા વગર સ્પર્શે છે, જીભ વગર ચાખી શકે છે, હાથ વગર કામ કરી શકે છે, પગ વગર ચાલે છે, નાક વગર સૂંઘે છે અને મન ન હોવા છતાં જાણી શકે છે. ઋષિઓએ બ્રહ્મ જે વિશ્વમાં બધે જ વ્યાપ્ત છે તેનું આવું અસામાન્ય વર્ણન આપ્યું છે.

વેદાન્ત એક બ્રહ્મ-પરમાત્મા-ની વાત કરે છે જે ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં બધા જ સમયે અસ્તિત્વ ધરાવે છે. બ્રહ્મને આદિ મધ્ય કે અંત નથી. તે આ જગતમાં દરેક વસ્તુનો આધાર છે. તે જ્ઞાન, શાંતિ અને પરમસુખ છે.

ઈશ્વર દરેકના હૃદયમાં વસેલો છે. તેની કોઈ મર્યાદા નથી, તેથી તે માપી શકાતો નથી. તે પોતે જ પવિત્રતા છે કારણ કે તેને કોઈ ઈચ્છાઓ કે કામનાઓ નથી. આ જગતમાં જે કંઈ બની રહ્યું છે તેનો તે મૂક સાક્ષી છે. દરેકના મનમાં શું ચાલી રહ્યું છે તેનો તે જ્ઞાતા છે. બ્રહ્મથી છૂપું કંઈ જ નથી. બ્રહ્મને સ્વરૂપ નથી, ગુણો નથી, વિભાગો નથી, અવયવો નથી કે પ્રવૃત્તિ નથી. તે પોતે જ દિવ્ય પ્રકાશ છે. તે જ્ઞાન છે. તે શાશ્વત, શુધ્ધ, પૂર્ણ અને મુક્ત છે. તેનામાં જગત સ્થિત છે અને તે જગતનો આધાર છે.

ઉપનિષદો બ્રહ્મને સત્ય તરીકે વર્ણવે છે. સત્યના ચુસ્ત પાલનથી તેને પ્રાપ્ત કરી શકાય છે બ્રહ્મ શાંતિ છે. તે અમર અને નિર્ભય છે. તે ઉચ્ચતમ અસ્તિત્વ છે. તે બધી સૃષ્ટિનું ઉગમ અને સત્ત્વ છે.

**વેદાન્ત બધાનું છે**

વેદાન્ત એ ફક્ત હિંદુઓની નહિ બધાની મિલકત છે. તેને કોઈ ધર્મ સાથે કોઈ પ્રકારનો ઝઘડો નથી. તે વૈશ્વિક સિદ્ધાંતોને ઉપદેશે છે. તે વૈશ્વિક ધર્મ છે, તેમાંથી બધા ધર્મનો ઉદય થયો છે. તે બધાંને જોડે છે. તે શાશ્વત કલ્યાણ, શાંતિ અને પરમસુખ પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ બતાવે છે.

આ વૈવિધ્યની દુનિયા છે. પદાર્થો અસંખ્ય અને ભાતભાતના છે. બુદ્ધિમત્તા ભિન્ન હોય છે. ચહેરા જુદા હોય છે. પંથો વિવિધ છે. ધર્મ પણ વિવિધ છે. અવાજો વિવિધ હોય છે. રંગો વિવિધ હોય છે, રુચિ અને સ્વભાવમાં પણ વિવિધતા હોય છે. પણ બધામાં એક વસ્તુ સમાન છે. તે છે - દરેકને અતૂટ શાંતિ, સુખ, જ્ઞાન, અમરત્વ અને મુક્તિની ઝંખના. આ બધું ફક્ત ઈશ્વરના જ્ઞાનથી જ મળી શકે.

દરેક જણને શોક અને વેદનારહિત શાંતિ અને સુખ જોઈએ છે. આપણા જીવનના બધા જ પ્રયત્નો આ પ્રકારની શાંતિ અને સુખ પ્રાપ્ત કરવા માટેના છે, પરંતુ આપણે તેને મેળવવાની સાચી રીત જાણતા નથી તેની એક જ રીત છે અને તે છે આપણી સાચી પ્રકૃતિ, જે ઈશ્વર છે, તેનો સાક્ષાત્કાર કરવાની. વેદાન્તનો આ સંદેશ છે. માટે વેદાંતનો અભ્યાસ દરેક વ્યક્તિ કરી શકે છે, પછી તે પૂર્વની હોય કે પશ્ચિમની, યુવાન હોય કે વૃદ્ધ હોય, શિક્ષિત હોય કે અભણ હોય.

**જડ પદાર્થનો પરમાણુવાદ**

વેદાન્તનો બીજો ભાગ એમ કહે છે કે જગત મિથ્યા છે. તમને આ કથનથી નિઃશંકપણે કંઈક ગૂંચવડો થશે. વેદાન્તીઓ જગતને શા માટે મિથ્યા કહે છે તે સમજીએ તે પહેલાં પદાર્થના ગુણધર્મની ચોકસાઈથી તપાસ કરવી જરૂરી છે.

સ્કૂલમાં તમને ભણાવવામાં આવે છે કે જડ પદાર્થ તત્ત્વોનો બનેલો છે. આધુનિક વિજ્ઞાને નિર્ણયાત્મક રીતે સાબિત કર્યું છે કે બધાં તત્ત્વો મૂળ પરમાણુઓના જોડાણથી બનેલાં છે. જ્યારે તમે જાણો કે તત્ત્વો પરમાણુઓનાં બનેલાં છે ત્યારે તમે કહી શકો કે તત્ત્વો પોતે મિથ્યા છે. હવે જો તમે પરમાણુઓને ચોકસાઈથી તપાસશો તો જણાશે કે પરમાણુ પણ મિથ્યા છે, કારણ કે તે પ્રોટોન, ન્યૂટ્રોન અને ઈલેકટ્રોન જેવા નાજુક કણોમાંથી બનેલો છે.

વિજ્ઞાન આજે સંશોધન દ્વારા જણાવે છે કે આ કણો એક પ્રકારનાં શક્તિનાં રૂપ જ છે. યોગીઓ આ વાત તેમની અંતર્દષ્ટિને લીધે ખૂબ લાંબા સમયથી જાણતા હતા. તેમણે જાહેર કર્યું હતું કે દરેક સજીવ કે નિર્જીવ વસ્તુ જીવનથી આંદોલિત હોય છે. તેમને મન શક્તિ એ ઈશ્વર સિવાય કંઈ જ નથી; તે ગતિશીલ ઈશ્વર છે. શું વિજ્ઞાન પણ આ છેલ્લા અને અંતિમ નિર્ણય પર આવશે? કદાચ આવશે.

વેદાન્ત કહે છે કે આ જગત ઈશ્વરનું સ્વરૂપ છે, કારણ કે તે ફક્ત ઈશ્વરમાંથી જ ઉદ્ભવ્યું છે. આ દૃષ્ટિબિંદુ પ્રમાણે જગત વાસ્તવિક છે, વેદાન્ત એમ પણ કહે છે કે

જગત મિથ્યા-નાશવંત છે. આ દૃષ્ટિબિંદુ પણ સાચું છે, કારણ કે બધાં નામ અને સ્વરૂપ પરિવર્તનશીલ છે અને તેથી મિથ્યા છે. આપણે બહુ સ્પષ્ટપણે એટલું યાદ રાખવાનું છે કે ફક્ત પદાર્થનાં નામ અને રૂપ મિથ્યા છે, પણ તેનો સત્ત્વાંશ-મૂળ પ્રકૃતિ-સાચી છે, કારણ કે તેનો કદી નાશ થતો નથી.

વસ્તુઓ જેવી દેખાય છે તેવી હોતી નથી, મલબારી સાગના એક મજબૂત ટેબલનું ઉદાહરણ લઈએ. તેને જોતાં તરત જ એમ લાગે છે કે તે નિઃશંક એક ઘન વસ્તુ છે. ખૂબ શક્તિશાળી સૂક્ષ્મદર્શક યંત્રથી જોશો તો ટેબલ તદ્દન જુદું દેખાશે તે કરોડો પરમાણુઓનું બનેલું છે. આપણે જાણીએ છીએ કે દરેક પરમાણુમાં કેન્દ્ર અને તેની આજુબાજુ ફરતા ઇલેક્ટ્રોન ગોઠવાયેલા હોય છે, ઇલેક્ટ્રોનની ગોઠવણીને લીધે થતું પરમાણુનું કદ ફૂટબોલ જેટલું હોય તો કેન્દ્ર એક ખસખસના દાણા જેવડું જ હોય છે. આમ, કેન્દ્રથી ખૂબ લાંબા અંતરે ઇલેક્ટ્રોન ગોઠવાયેલા છે એટલે ખરી રીતે તો ટેબલના પરમાણુઓ ખીચોખીચ દેખાતા હોવા થતાં તેમનામાં પુષ્કળ ખાલી જગા રહેલી છે.

### જગતની ભ્રામક પ્રકૃતિ

એક જ વસ્તુ એક વ્યક્તિને આનંદ આપે છે તો બીજીને દુઃખ આપે છે. એક મનુષ્યને દૂધ ગમતું નથી તો બીજાને ગમે છે. ઊંટ ખૂબ પ્રેમથી લીમડાનાં પાન ખાય છે. માણસને તે તરફ રુચિ નથી. દેવોને દિવસ ગમે છે, અસુરોને રાત્રિ ગમે છે. આ બતાવે છે કે વસ્તુઓ પોતે સારી કે ખરાબ નથી પણ આપણી કલ્પનાથી તેઓ સારી કે ખોટી બને છે.

કાપડનો ટુકડો ફક્ત દોરાનો બનેલો છે, કાપડ બન્યું તે પહેલાં તે દોરારૂપ જ હતો અને તેને સંભાળપૂર્વક તોડી નાખશો તો પાછા દોરા જ મળશે. માટે શરૂઆતમાં (દોરા), મધ્યમાં (કાપડ) અને છેલ્લે (દોરા) ઘટક ફક્ત દોરા જ છે. કાપડ તો ફક્ત વચ્ચે જ અસ્તિત્વમાં આવ્યું. તે દોરાથી સ્વતંત્ર હોઈ શકે જ નહિ. જો આમ હોય તો મધ્યમાં શું બનતું દેખાય છે? કાપડનું સ્વરૂપ અને ''કાપડ''નામ. ખરેખર તો કાપડ જેવી કોઈ વસ્તુ છે જ નહિ. કાપડ તો ફક્ત ભ્રમણા છે, ફક્ત દોરો એ જ વાસ્તવિક છે. કાપડ બન્યું તે પહેલાં દોરાનું અસ્તિત્વ હતું અને કાપડને તોડી નાખતાં પણ દોરાનું જ અસ્તિત્વ જણાય છે.

આ જગતના બધા જ પદાર્થો પણ આવા જ છે. વિવિધ પદાર્થોનાં નામ અને રૂપ એક જ મૂળભૂત દ્રવ્ય-જેને આપણે ઈશ્વર કહીએ છીએ-માંથી બનેલાં છે. આ દૃષ્ટિબિંદુથી વેદાન્તીઓ જગત મિથ્યા-ભ્રામક-છે તેમ જણાવે છે.

જ્યારે આપણે પથ્થરની શિલા જોઈએ છીએ ત્યારે તે ગતિહીન લાગે છે. પણ પથ્થર અસંખ્ય પરમાણુઓનો બનેલો હોય છે. તે વિલક્ષણ વેગથી આંદોલિત થતાં હોય છે. તેમને તમે ગતિહીન કેમ કહી શકો? આવી જ ઇન્દ્રિય વડે થતી સમજણ પણ ભ્રામક પ્રકૃતિની હોય છે. આપણી ઇન્દ્રિયો દ્વારા મળતી વિગત પર આપણે વિશ્વાસ કરી શકીએ નહિ. સૂર્યાસ્ત પહેલાં જો તમે આકાશ તરફ જોશો તો તે લાલ દેખાશે. થોડી જ વારમાં લાલને બદલે પીળું દેખાશે. જ્યારે પીળો રંગ અદૃશ્ય થશે કે તરત જ લીલો રંગ દેખાશે. હવે લીલાને બદલે ભૂરો રંગ દેખાશે. પછી તમે કેટલાક રંગોનું મિશ્રણ જોશો અને છેવટે બધે અંધારું થઈ જશે. આ ફેરફારો શેને આભારી છે? વાસ્તવિક રીતે તો આકાશનો કોઈ રંગ નથી. વાતાવરણમાં રહેલા પરમાણુઓ જ્યારે સૂર્યકિરણોને વિવિધ કોણે અથડાય છે ત્યારે વિવિધ રંગોનું પરાવર્તન કરે છે આથી આકાશમાં વિવિધ રંગો દેખાય છે.

☐ **'યોગના પાઠ'માંથી સાભાર**

# ષણ્મુખની હાકલ

**શ્રી સ્વામી ચિદાનંદજી**

તેજસ્વી અમર આત્મા! ભગવાનનાં વહાલાં અને અનુગ્રહિત બાળકો! આ પ્રાતઃકાળે પૂજનીય ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની આધ્યાત્મિક ઉપસ્થિતિમાં તેમના આધ્યાત્મિક કુટુંબના સદસ્યો! કીર્તન અને ધ્યાન દરમિયાન મૌન આંતરિક પ્રાર્થના વખતે, ઈશ્વરના દિવ્ય નામનાં ગાન દ્વારા તમે સવારે શાશ્વત અને દિવ્ય પ્રભુનું મનન કર્યું છે. અનાદિ, અનંત, અસીમ અને સનાતન - જે છે, જે હરહંમેશ હતું જ અને જે નિરંતર હોવાનું જ - તેનું મનન કર્યું. તે દિવ્ય સત્તાના આશિષ તમારા પર વરસો!

ભગવાન મુરુગ કે શરવણભવ, કાર્તિકેય, સુબ્રહ્મણ્ય, ષણ્મુખનું પાવન છ દિવસનું પૂજન હોય છે. પૂજનના બીજા દિવસમાં તમે પ્રવેશ કર્યો છે. વ્યુત્પત્તીય તેમજ આધ્યાત્મિક રીતે તેમને છ મુખ હોવાનું મનાય છે. ષડ્ એટલે છ, મુખ એટલે મોઢું અને બન્નેની સંધિ કરતાં વ્યાકરણના નિયમો મુજબ ષણ્મુખ-છ મોઢાંવાળો થાય.

છ મુખનો ગૂઢાર્થ છ પાસાં કે છ અવસ્થા છે. છ પાસાં દ્વારા તેઓ પોતાને અભિવ્યક્ત કરે છે. બધાં જ પાસાં અનુગ્રહ દર્શાવે છે. એકથી રક્ષણ, બીજાથી મંગળકામના, ત્રીજાથી પ્રોત્સાહન-જાણે એમ કહેતા ન હોય કે હું જ્યારે અહીં છું ત્યારે તમારે ડરવું શા માટે? ડરો છો શાને? બીજાં રૂપો માંગલિકતા,હિતકરતા, અનુકંપા અને જ્ઞાનપ્રકાશ દર્શાવે છે. ષણ્મુખનું આ દરેક મુખ પરમાત્માનું અમુક ઉત્કૃષ્ટ લક્ષણ, દિવ્ય વિભૂતિની ઉદાત્ત વિશેષતા વ્યક્ત કરે છે, પ્રતિબિંબિત કરે છે, પ્રસારિત કરે છે. આ જીવનની યાત્રા પર વિહરતા જીવને આ વિભૂતિઓનો ચોક્કસ અર્થ છે, વ્યક્તિગત જીવને અમુક મૂલ્ય છે.

દરેક જાગ્રત જીવાત્મા જાણે છે કે જીવનયાત્રાનો અંત મૃત્યુ નથી, છેવટે તો આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત કરવાની છે, મુક્તિ મેળવવાની છે, અમરતા પ્રાપ્ત કરવાની છે અને આ દૃષ્ટિએ મૃત્યુનું કશું મહત્ત્વ નથી. આ એક મહાન સત્ય છે. વ્યક્તિનો આત્મા સમષ્ટિના આત્માનો અંશ છે, તેથી અમરત્વ જીવાત્માનો જન્મસિદ્ધ હક્ક છે. વૈશ્વિક આત્મા સનાતન સત્તા છે. એક અને ફક્ત એક જ શાશ્વત, અવિકારી, સદૈવ વિદ્યમાન સત્તા છે. આ અનુભવેલા સત્યે એક વાત પ્રતિપાદિત કરી છે કે આપણો જીવ કાળહીન, કાળાતીત, સનાતન છે અને આપણો જીવ અવિનાશી, અનાશવંત અને અમર છે. અમર માટે મૃત્યુનો પ્રશ્ન જ ઊભો થતો નથી. અમરને વળી મૃત્યુ કેવું?

શરીર મર્ત્ય છે પણ તેમાં તેજ પ્રસારતું તત્ત્વ અનંત અને અમર છે. શરીરનો જન્મ થાય છે પણ તેમાંનો જીવ, અંતર્વાસી - 'વિનશ્યત્સુ અવિનશ્યત્વમ્' -(વિનાશીની અંદર અવિનાશી), તો 'અજઃ' -અજન્મા છે. અંદર વસેલો જીવ નિત્ય અને શાશ્વત છે. તે અજન્મા, સનાતન અને કાયમી છે. તે પુરાણ, કાળાતીત, અનાદિ છે. પુરાણ, એટલે જેના આદિની જાણ નથી તેવો. એટલે તેમને અનાદિ, સનાતન કહે છે.

મહાન જગદ્ગુરુ ભગવાન કૃષ્ણે તેના ગીતાજ્ઞાનોપદેશના બીજા અધ્યાયમાં આ શબ્દોથી નાશવંત શરીરમાં વાસ કરી રહેલા આત્માની લાક્ષણિકતા વર્ણવી છે. જીવ અજન્મા છે, સનાતન છે, નિત્ય છે, કાળહીન છે. તમે તે છો. જે જીવ કાળાતીત છે, અજન્મા છે તેને મૃત્યુ હોઈ શકે નહિ, જન્મે તેનું જ મૃત્યુ સંભવે, અજન્માને કદી મૃત્યુ નથી. 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ-જે જન્મ્યો છે તેનું મૃત્યુ નક્કી છે, પરંતુ જે અજન્મા છે - 'અજઃ' છે તેને મૃત્યુનો પ્રશ્ન સ્પર્શતો નથી. એટલે તમે જે અમર જીવ છો તેને માટે મૃત્યુ અર્થહીન છે અને આ જીવનયાત્રાની નિયતિ છે સનાતન જીવન, જે

હરહંમેશ રહેવાનું.

માણસનું દિવ્ય ભાગ્ય તેના સંપૂર્ણ સ્વભાવનો પૂરો અનુભવ ફરી ફરીને પ્રાપ્ત કરવાનું છે. હજારો વર્ષ દરમિયાન પેઢી દર પેઢી આ શક્યતા વારંવાર સિદ્ધ થઈ ચૂકી છે. મહાન ઋષિઓ અને સંતોએ જાહેર કર્યું છે કે તમે ''અમૃતસ્ય પુત્રાઃ'' (અમરત્વનાં સંતાન) છો. તેમ તેમની આત્માનુભૂતિથી સત્ય વારંવાર સાબિત થઈ ગયું છે. દરેક પેઢીમાં જે મહાન આત્માઓ થઈ ગયા, તેમણે તેમની 'અપરોક્ષાનુભૂતિ' દ્વારા આ મહાન ઘોષણાનો અનુભવ જીવંત અને પ્રકાશિત રાખ્યો છે. તેમના મહાન, તેજસ્વી, ઝળહળતા આધ્યાત્મિક અનુભવના પ્રકાશ દ્વારા, આ મહાત્માઓ માનવજાતની મૂડી બની ગયા છે. વિશ્વની એ સંપત્તિ છે. તેમની શાશ્વત મંગળકામના, સનાતન કૃપા જ ઈશ્વરીય તત્ત્વ છે.

ષણ્મુખનું દરેક તેજસ્વી મુખારવિંદ, તેના કૃપા ભર્યા, શુભેચ્છા ભરી, હિતકારી સ્વભાવવાળા એક-એક પાસાને દર્શાવે છે અને તેના ભક્તોને અભય અને બળ પ્રદાન કરે છે. માટે આપણે તેમનાં આ પૂર્ણ કૃપાવંત, દયામય પૂર્ણ લાવણ્યભર્યા પરમ રૂપનું, ભગવાન શંકરના અનુગ્રહનું આવાહન કરીએ. અંધકારમય રાક્ષસી શક્તિ સામે થવા અને લડવા, દેવોનું નેતૃત્વ સંભાળવા અને દેવોને વિજય અપાવવા આ અનુગ્રહ થયેલો. ષણ્મુખ કહે છે, ''ચાલો, આપણે વિજયપ્રસ્થાન કરીએ. મને અનુસરો. મારા સંઘમાં ભળો. હું તમને વિજય અપાવીશ.'' આ તમારું દિવ્ય, સનાતન નસીબ છે તો પછી ડરવાનું શું છે? ચિંતા શાની કરવાની? બસ, એક કરવાનું - કાર્યરત થવાનું - રહે છે.

એક કવિએ કહ્યું છે, ''તું ધૂળ છે અને છેવટે ધૂળમાં મળી જશે, પણ આ કથન આત્મા માટે નથી.'' ખૂબ સ્પષ્ટ રીતે આ વાક્ય મહાન વેદાન્તના સત્ય, અંતરાત્માની અમરતાના આધ્યાત્મિક સત્ય તથા માનવના આત્મા વિષે નિર્દેશ કરે છે. તેથી જ કવિ આશા અને હિંમતથી કામ કરતા રહેવાનું કહે છે, હૃદયમાં બળ રાખી કાર્ય કરતાં રહેવાનું કહે છે. ખાતરી રાખો, તમારા કાર્યમાં મહાન પરમતત્ત્વ તમને સાફલ્ય અપાવશે. માટે હૃદય મજબૂત રાખો. હિંમતવાન બનો. તમારા ઇચ્છિતની પ્રાપ્તિ અર્થે બહાદુરીથી સંઘર્ષ કરો. તે પ્રયત્ન છોડશો નહિ. મૂર્ખાઈ ના કરશો, રસ્તામાં પડી ગયો, તેથી રસ્તાની બાજુએ બેસી, રડવા લાગે તેમાંના એક ન બનશો.

ઉપનિષદો કહે છેઃ ''પડ્યા તેથી શું થયું? ઊભા થાવ.'' તે કહે છે ''ઉત્તિષ્ઠત - ઊઠો, ઊઠો!'' ભગવાન સુબ્રહ્મણ્યની પણ આ જ ઘોષણા છે. ષણ્મુખની આ જ હાકલ છે. ''ડરપોકની માફક આમ ભાગી શા માટે જાઓ છો? આમ, ગભરાઈને વેરવિખેર શાને થાઓ છો? હે દેવો, આવો, પાછા બધા એકઠા થાવ. આવો, આવો, મને અનુસરો! હું તમને વિજય અપાવીશ'' અને પછી સઘળા દેવો એકત્ર થયા. તેમણે કહ્યું, ''તમે અમારા સેનાપતિ અને સક્ષમ નેતા છો. તમે અમારા કમાન્ડર છો. અમારાં સૈન્ય હવે સંપીલાં-એકરૂપ બન્યાં છે. એકસાથે મળ્યાં છે. યુદ્ધમાં ભલે અમે થાકી ભાગી ગયેલા, પરંતુ તમારી હાકલથી સાચે જ અમે બહાદુર બન્યા છીએ. તેથી અમે પણ તમને અનુસરશું.'' આમ, ભગવાન ષણ્મુખ દેવોને નિર્ણાયક યુદ્ધમાં વિજયી બનાવે છે.

આ સ્કંદષષ્ઠીનો આખો બનાવ છે. ભગવાન કાર્તિકેય, ષણ્મુખ સ્કંદ, સુબ્રહ્મણ્યના પૂજનની આ વાત છે. જેમ ભગવતી, દેવી, દુર્ગા, મહામાતા મહાન વૈશ્વિક શક્તિ દિવ્યતાના પ્રગટ સ્વરૂપની પૂજા માટે નવ દિવસ રાખ્યા છે તેમ તે જ દૈવી સત્તાઓના સરસેનાપતિ દ્વારા દર્શન દેતી શક્તિ માટે છ દિવસ નક્કી કર્યા છે. તેઓ દૈવી સેનાપતિ છે. નિર્ણય-શક્તિ સ્વરૂપે તેઓ આપણામાં વાસ કરે છે. દૃઢ વિચારની શક્તિરૂપે તેઓ આપણામાં રહે છે. તમે હાથ ધરેલાં કાર્ય પર એકાગ્રતાની શક્તિ થઈને નિર્ણય-શક્તિ બેઠી છે. તમે જ આદર્શ પસંદ કરો તેને સમર્પિત થવાની ભાવના તે બની રહે છે. તમારી

**અનુસંધાન પાના નં. ૧૬ ઉપર**

# ધ્યાન અને મંત્ર - જપ

શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી

એક વખત શ્રીમા શારદાદેવી જયરામવાટીમાં શાક સુધારી રહ્યાં હતાં. બ્રહ્મચારી કૃષ્ણલાલ શ્રીમાને ભક્તોના પત્રો વાંચીને સંભળાવી રહ્યા હતા. એક ભક્તે લખ્યું હતું : ''મા, મનમાં શાંતિ નથી, મન ઈશ્વરમાં લાગતું નથી.'' શ્રીમાએ શાક સુધારવાનું બાજુએ મૂકીને હાથ લંબાવીને ભારપૂર્વક કહ્યું : ''તું એને લખી દે કે પંદર-વીસ હજાર વખત રોજ દિવસમાં ભગવાનના નામનો જપ કરે. થોડો સમય આવું કર્યા પછી જો મનની શાંતિ ન મળે તો મને લખે.'' ભગવાનમાં મન એકાગ્ર કરવાનો, મનની શાંતિ મેળવવાનો સરળ ઉપાય શ્રીમા શારદાદેવીએ બતાવ્યો છે.

ધ્યાનમાં બેસવાથી મન કંઈ તુરત જ એકાગ્ર થઈ જતું નથી. તે તેના સ્વભાવ પ્રમાણે આડુંઅવળું ભટકવા લાગે છે. આ ભટકતા મનને જેમ પ્રાર્થના દ્વારા સ્થિર કરી શકાય છે એમ મંત્ર-જપથી પણ સ્થિર કરી શકાય છે. આથી જ ધ્યાન પહેલાં પ્રાર્થના અને ભગવાનના નામનો જપ કરવો આવશ્યક બની રહે છે. મન ભલે ગમે તેવું મલિન હોય, જન્મોજન્મના સંસ્કારોથી ભરેલું હોય, એવા મનને શુદ્ધ કરવાની શક્તિ ભગવાનના નામજપમાં રહેલી છે. 'ધ્યાન, ધર્મ અને સાધના'માં સ્વામી બ્રહ્માનંદજી કહે છે કે' ''જ્યાં ભગવાનનું નામ આવે છે ત્યાં પાપ ટકતું નથી. અપવિત્રતા રહેતી નથી. કપાસના ઢગલામાં દીવાસળી મૂકવાથી જેમ સમસ્ત કપાસ ક્ષણભરમાં ભસ્મીભૂત થઈ જાય છે, તેમ એક ક્ષણમાં સમસ્ત પાપોને ભસ્મ કરવાની પ્રચંડ શક્તિ ભગવાનના નામમાં રહેલી છે.'' શ્રીરામકૃષ્ણદેવે કહ્યું છેકે : ''એક હજાર વરસથી બંધ રહેલા ઓરડામાં અંધકાર ભરેલો હોય અને તેમાં દીવો પેટાવવામાં આવે તો ખટ્ કરતો પ્રકાશ થઈ જાય છે, ઓરડો ઝળાહળા થઈ જાય છે, એક વરસનો અંધકાર દૂર કરતાં એક ક્ષણ લાગે છે એવું જ ભગવાનનું નામ કરી શકે છે. જનમજનમના કુસંસ્કારોને-પાપોને તે ક્ષણમાં દૂર કરી શકે છે.'' આ જ પુસ્તકમાં સ્વામી બ્રહ્માનંદજી બીજા એક શિષ્યને કહે છેઃ ''ખૂબ જપ કરો, બેટા, ખૂબ જપ કરો. કળિયુગમાં યજ્ઞયાગ કરવા બહુ જ મુશ્કેલ છે. જપ કરતાં કરતાં મન સ્થિર થઈને ઇષ્ટમાં લય પામી જશે. જપની સાથે ઇષ્ટમૂર્તિનું ચિંતન કરવું જોઈએ. એનાથી જપ-ધ્યાન બંને એકસાથે થઈ જાય છે. આ રીતે જપ કરવાથી ત્વરિત કામ થઈ જાય છે.''

સહજ ધ્યાનની સ્થિતિએ પહોંચવા માટે નામના જેવું સરળ અને અસરકારક શસ્ત્ર બીજું એકેય નથી. આમાં કંઈ કઠોર તપશ્ચર્યા કે આકરાં વ્રતો કરવાનાં નથી. બસ તેમાં સાચા દિલથી શ્રદ્ધાપૂર્વક પ્રભુના નામનું રટણ કરવાનું છે. અવિરત નામજપથી અંદરનો પડદો પાતળો થઈને ઓગળી જાય છે અને આત્મા સહજ રીતે પ્રકાશિત બની જાય છે. આથી જ કળિયુગમાં નામજપ સૌથી વધારે સલામત અને અસરકારક ગણાય છે. બીજી સાધનાઓમાં તો જો આંતરશુદ્ધિ પૂરેપૂરી ન થઈ હોય તો વિકૃત પરિણામો આવે છે. જ્યારે નામજપથી તો પહેલાં ચિત્તશુદ્ધિ આપોઆપ થાય છે અને પછી ઇષ્ટની પ્રાપ્તિ થાય છે. શ્રીમા શારદાદેવી પણ કહે છે કે : 'જપાત્ સિદ્ધિઃ'' જપ કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં ''यज्ञानाम् जपयज्ञोऽस्मि'' એમ કહીને જપયજ્ઞને શ્રેષ્ઠ ગણાવે છે. બીજા યજ્ઞોમાં કેટકેટલી સામગ્રીઓ જોઈએ, વિધિઓ કરવી પડે. વિધિમાં પાછી ભૂલ થાય તો તેનાં દુષ્પરિણામ પણ ભોગવવાં પડે. જ્યારે જપ-યજ્ઞમાં આવું કંઈ જ કરવું પડતું નથી. એના માટે કોઈ બાહ્યવિધિઓની જરૂર પડતી નથી. અંતરમાં ભગવાનના નામનું સતત રટણ ચાલ્યા કરે એ છે જપ-યજ્ઞ. કોઈ પણ વ્યક્તિ મળે ત્યારે આ યજ્ઞ કરી શકે છે. જો ગુરુએ ઇષ્ટનામ આપ્યું હોય કે મંત્રદીક્ષા આપી હોય તો તે નામ કે મંત્ર સિદ્ધ થયેલાં હોય છે. ગુરુમુખેથી પ્રાપ્ત થયેલાં હોય છે. આથી તેમાં વિશેષ શક્તિ રહેલી હોય છે અને સાથે તેમાં શિષ્યની શ્રદ્ધા ભળી હોય છે. એવા મંત્રનો જપ કરવાથી ફળ જલદી મળે છે, પણ જો ગુરુએ મંત્ર ન આપ્યો હોય કે નામ ન મળ્યું હોય તોપણ વ્યક્તિને

પોતાને જે નામમાં શ્રદ્ધા હોય તે નામનો સતત જપ કરે તોપણ તેને ફળ મળે છે. ૐ નમઃ શિવાય, શ્રીકૃષ્ણઃ શરણં મમ, શ્રીરામ જય રામ જય જય રામ, હરિ ૐ રામકૃષ્ણ. આ સાદા મંત્રોનો જપ કરવાથી કે ફક્ત કાલી, દુર્ગા, રામ,કૃષ્ણ, શિવ વગેરેમાંથી જે નામમાં શ્રદ્ધા હોય તેનો જપ કરવાથી પણ ફળ મળે છે. જપયજ્ઞનું ફળ એટલે પરમશાંતિ. શાશ્વત આનંદ અને પરમાત્માની દિવ્યચેતના સાથેની એકરૂપતા. આટલું મોટું ફળ બીજા કોઈ યજ્ઞમાં કે બીજી કોઈ સાધનામાં આટલી સહેલાઈથી મળતું નથી. શાશ્વત સફળતા મેળવવાનો, આથી સરળ ઉપાય બીજો એકેય નથી.

વળી, આ નામમાં અપાર શક્તિ રહેલી છે. એના દ્વારા સર્વ કંઈ સિદ્ધ થઈ શકે છે. એનો સ્વીકાર બધા ધર્મોએ પણ કરેલો છે. શ્રીમા શારદાદેવી કહે છે કે, ''વિધાતાએ લખેલા લેખને ભૂંસવાની શક્તિ પણ નામજપમાં રહેલી છે. વિધાતાએ લખેલા લેખ વિધાતા સિવાય કોઈ જ ભૂંસી શકતું નથી, પણ ભગવાનના નામનું સતત રટણ કરનારના લેખ વિધાતા પોતાના હાથે ભૂંસી નાખે છે.'' આપણે આગળ જોયું કે રામનામના અવિરત જપથી અને ધ્યાનથી લૂંટારાને ઋષિપદ પ્રાપ્ત થયું અને મહાકવિ વાલ્મીકિ બન્યા.

ઉપરાંત ભગવાનનું નામ તો પારસમણિથી પણ વધારે અસરકારક છે. પારસમણિ લોઢાને સોનું બનાવે છે. પણ લોઢાને પારસમણિ નથી બનાવી શકતો. ત્યારે ભગવાનું નામ લોઢા જેવા કઠોર મનને શુદ્ધ જ નહીં પણ દિવ્ય બનાવી દે છે, આ વિશે એક દૃષ્ટાંતકથા છેઃ નદીકિનારે એક મહાત્મા ઝૂંપડી બાંધીને રહેતા હતા. આખો દિવસ ભગવાનનું નામ જપતા રહેતા. એક દિવસ એક ગરીબ માણસ એમની પાસે આવ્યો ને પ્રણામ કરી કહ્યું : 'હે મહાત્મા, મેં સાંભળ્યું છે કે તમારી પાસે પારસમણિ છે, જે લોઢાને સુવર્ણ બનાવી દે છે. કૃપા કરી મને તે આપો તો મારી દરિદ્રતા દૂર થઈ જાય.''

''પારસમણિ? હા, એક કાચનો ટુકડો મને મળ્યો હતો. તે મેં ઘા કરીને ફેકી દીધો. તું આ રેતીમાં જો, કદાચ તને મળી જાય.'' રેતીમાં શોધતાં એ ગરીબ માણસને પારસમણિ મળ્યો ને તે નાચી ઊઠ્યો કે 'હવે તો દુઃખના દિવસો ગયા.' સંતની રજા લઈને ઘરે જવા નીકળ્યો, પણ રસ્તામાં તેને વિચાર આવ્યો કે મહાત્મા પાસે આનાથી પણ વધારે મોટો મણિ હોવો જોઈએ, નહિતર તેઓ આને કંઈ આવી રીત ફેંકી દે ?'' આ વિચાર આવતાં તે પાછો ફર્યો. મહાત્માને આ વિષે પૂછતાં તેમણે કહ્યું : ''હા, મારી પાસે તો એવો કીમતી હીરો છે કે જેની પાસે આખી દુનિયાનો વૈભવ ઝાંખો પડી જાય.''

''તો તમે મને એ આપો.''

''પહેલાં આ કાચના ટુકડાથી તારા ઘરે જઈને બધી વ્યવસ્થા કરીને પછી આવ, પછી હું તને એ આપીશ.'' પછી માણસ પાછો આવ્યો ત્યારે એ સંતે એને ભગવાનના નામનો મહામંત્ર આપ્યો અને એ મંત્રના જપથી શિષ્ય શુદ્ધ સુવર્ણ જ નહીં, પણ હીરા જેવો પ્રકાશિત બની ગયો. ભગવાનનું નામ એ મનુષ્યના મનને શુદ્ધ કરી પ્રકાશિત કરનાર અદ્‌ભુત રસાયણ છે, એટલે જ મીરાં કહે છે :

પાયોજી મૈંને રામરતન ધન પાયો,  
વસ્તુ અમોલક દી મેરે સદ્‌ગુરુ,  
કૃપા કર અપનાયો... ...પાયોજી મૈંને

આ રામરતન ધન એવું છે કે જેને પ્રાપ્ત કરવાથી જન્મોજન્મની દરિદ્રતા દૂર થઈ જાય છે. જે મળ્યા પછી બીજું કંઈ મેળવવાનું રહેતું નથી, પણ આ રત્નનું મૂલ્ય કોણ આંકી શકે? જેમ હીરાનું મૂલ્ય ઝવેરી આંકી શકે તેમ સાચો શિષ્ય એનું મૂલ્ય જાણી શકે. બાકી તો દરેક પોતાની કક્ષા પ્રમાણે એનું મૂલ્ય સમજી શકે. આ સંદર્ભમાં શ્રીરામકૃષ્ણદેવ એક વાર્તા કહેતાઃ ''શેઠ પાસે એક હીરો હતો. તેણે નોકરને આપીને કહ્યું : ''જા શાકવાળા પાસે આનું મૂલ્ય કરાવી આવ. '' શાકવાળાએ કહ્યું : ''આકાચનો ટુકડો સરસ છે. હું તેનાં નવ શેર રીંગણાં આપું. એથી વધારે એક પણ નહીં.'' પછી શેઠે કાપડિયા પાસે મોકલ્યો. કાપડિયો કહે, નવ વાર કાપડ આપું. એથી એક તસુ પણ વધારે નહીં.'' ત્યાર બાદ સોનીની દુકાને ગયો. સોનીએ કહ્યું : ''નવ તોલા સોનું

આપીશ.એથી એક રતી પણ વધારે નહીં.'' પછી ઝવેરી પાસે ગયો. હાથમાં લેતાં જ ઝવેરી કહે, ''નવ કરોડ રૂપિયા આપીશ.'' હીરો એનો એ જ હતો, પણ દરેકે પોતાની કક્ષા પ્રમાણે તેનું મૂલ્ય કર્યું. એ જ રીતે ગુરુએ આપેલા મંત્રનું મૂલ્ય શિષ્યો પોતપોતાની કક્ષા પ્રમાણે આંકે છે. ભલે શરૂઆતમાં શિષ્ય એનું મૂલ્ય પૂરેપૂરું ન સમજી શકે, તોપણ ગુરુએ આપેલા મંત્રમાં શ્રદ્ધા રાખીને જપ કર્યા કરે તો તેની કક્ષા જ બદલાઈ જાય છે અને પછી તેને અનુભૂતિ થાય છે કે 'વસ્તુ અમોલક દી મેરે સદ્‌ગુરુ.'

'પરમ પદને પંથે' પુસ્તકમાં રામકૃષ્ણ મઠ અને મિશનના છઠ્ઠા પરમાધ્યક્ષ સ્વામી વિરજાનંદજી કહે છે : ''સદ્‌ગુરુ સિદ્ધમંત્ર જ આપે કે જે મંત્રો જપીને યોગી ૠષિઓ સિદ્ધ થયા હતા અને જે મંત્રો ગુરુપરંપરાથી ચાલ્યા આવે છે. ગુરુ પોતાની કલ્પનાનું જે તે કંઈ તો આપે નહીં. માટે મંત્રમાં અવિશ્વાસ કે અંધશ્રદ્ધા રાખવાં નહીં. લાંબા વખત સુધી જપ કરવા છતાંય જો મનની એકાગ્રતા યા પવિત્રતા ન આવે તો જાણજો કે મંત્રનો દોષ નથી. પણ એનું કારણ છે - તમારી પોતાની જ ત્રુટિ યા દોષ અને એને સુધારવાનો પ્રયાસ કર્યા વગર કેવળ મોઢેથી જ જપ કરવાથી યા બીજો ગુરુ કરવાથી શું વળવાનું હતું? મન અને મુખ બેયને એકસાથે લગાડીને જપ કરવો જોઈએ. મન અને વાણી એક થવાં જોઈએ.''

આ ઉપરાંત પણ તેઓ શિષ્યને મંત્રજપ કેવી રીતે કરવો એનું માર્ગદર્શન આપતાં કહે છે : ''જપ આરંભમાં મનમાં મનમાં સ્પષ્ટ રીતે ઉચ્ચારણ કરી ધીરે ધીરે કરવો પડે, તેથી વાર લાગે. ક્રમે ક્રમે વધુ વખત અભ્યાસ કરતાં કરતાં ઝડપથી કરી શકાય. જપ કરતી વખતે મનને મંત્રમાં અને મંત્રના પ્રતિપાદ્ય ઈષ્ટદેવતામાં એકાગ્ર કરવાનો પ્રયત્ન કરજો. મંત્રને મહાશક્તિનો આધાર, ઈષ્ટના સ્વરૂપ રૂપે જાણજો.સ્થૂળને પકડીને સૂક્ષ્મે, સૂક્ષ્મને પકડીને મહાસૂક્ષ્મે પહોંચાય કે જે છે વાણી મનથી અતીત અવાઙ્ મનસ ગોચરમ્.''

મંત્રની દોરી ઝાલીને છેક પરમાત્મા સુધી સીધા પહોંચી શકાય છે એટલે સર્વોચ્ચ સફળતા માટેનું આ અમોઘ શસ્ત્ર તો છે જ પણ દૈનંદિન જીવનમાં સુખશાંતિ અને શક્તિ પ્રાપ્તિ માટેનું પણ આ અમોઘ શસ્ત્ર છે. સંસારમાં રહેતા મનુષ્યોને તો જીવનમાં અનેક સમસ્યાઓ આવતી જ રહે છે. ઘણી વખત માણસ સમસ્યાઓથી ઘેરાઈ જાય છે ત્યારે હારીને-થાકીને આત્મહત્યા જેવું પગલું ભરવા તૈયાર થઈ જાય છે. આ સંદર્ભમાં શ્રીમા શારદાદેવી સંસારની સર્વ સમસ્યાઓનો સરળ ઉકેલ આપતાં જણાવે છે કે, ''ચૂપચાપ ઈશ્વરનું નામ લેવું. શ્રીરામકૃષ્ણના નામનો જપ કરવો, એ જીવનની સમસ્યાઓનો ઉકેલ લાવવાનો સહેલામાં સહેલો અને ઉત્તમમાં ઉત્તમ રસ્તો છે.'' જીવનથી ભાગી જવાથી કોઈ સમસ્યાઓ હલ થઈ જતી નથી. ઘણા લોકો જીવનથી કંટાળીને કહે છે : ''અમારે સંન્યાસ લેવો છે. અમારે બધું છોડી દેવું છે, પછી કોઈ સમસ્યા જ ન રહે.'' પણ એ તો પલાયનવાદ છે. જીવનથી કંટાળીને, હારીને, સંન્યાસ લેવાથી કદાચ બહારથી બધું છૂટી ગયેલું દેખાય પણ અંદરથી કંઈ છૂટેલું હોતું નથી. માયા કોઈ ને કોઈ રીતે પકડ જમાવી દેતી જ હોય છે. સાચી રીતે છૂટવા માટે ભગવાનના નામનો જપ એ જ શ્રેષ્ઠ ઉપાય છે. વૈરાગ્યની પ્રાપ્તિ માટે, મનની શાંતિ માટે, સમસ્યાઓના નિરાકરણ માટે, મનની એકાગ્રતા અને ધ્યાનાવસ્થાની પ્રાપ્તિ માટે પણ નામજપથી બીજો કોઈ સરળ ઉપાય નથી જ.

નામમાં તો અદ્‌ભુત શક્તિ રહેલી છે. કોઈ વ્યક્તિને તેના નામથી બોલાવવામાં આવે તો તે આવે જ છે, બેચાર વખત બોલાવવામાં આવે તો તો તે અચૂક આવે જ છે. તો પછી ભગવાનને નામથી બોલાવવામાં આવે તો તેઓ આવે જ ને! ભગવાનના આગમનથી પ્રથમ તો મનમાં શાંતિ આવે છે. પછી શાંત બનેલા મનમાં ભગવાન પોતાનું રહસ્ય પ્રગટ કરે છે. અને તેમ થતાં નામથી અનામમાં, રૂપથી અરૂપમાં, વ્યક્તમાંથી અવ્યક્તમાં પહોંચાડી દે છે. અંગ્રેજીના મહાન કવિ ટેનિસન પોતાનું નામ લેતાં લેતાં દિવ્ય અનુભૂતિ સુધી પહોંચી ગયા. નામમાંથી અનામમાં પહોંચી ગયા. તો પછી ભગવાનનું નામ લે તેના માટે આધ્યાત્મિક સફળતાના બધા માર્ગો ખુલ્લા થઈ જાય તેમાં આશ્ચર્ય શું?

☐ **'એકાગ્રતા અને ધ્યાન' માંથી સાભાર**

# દીપોત્સવી પર્વ - લક્ષ્મી આરાધનાનું

- શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

**વંદે પદ્મકરાં પ્રસન્નવદનાં સૌભાગ્યદાં ભાગ્યદાં**
**હસ્તાભ્યામભયપ્રદાં મણિગણૈર્નાનાવિધૈર્ભૂષિતામ્।**
**ભક્તાભીષ્ટ ફલપ્રદાં હરિહરબ્રહ્માદિભિઃ સેવિતાં**
**પાર્શ્વે પંકજશંખપદ્મનિધિભિર્યુક્તાં સદા શક્તિભિઃ ॥**

જેમના હાથમાં કમળ છે; જે પ્રસન્નવદના છે, જે સૌભાગ્ય અને ભાગ્યનાં પ્રદાતા છે, તેવાં હે દેવી આપને અમારાં નમન છે. આપનો હસ્ત અભયવર પ્રદાયક છે; આપ મણિમાણેક-મૌક્તિકથી આભૂષિત છો. ભક્તોને અભીષ્ટ ફલપ્રદાતા, હે માતે! હરિ, હર અને બ્રહ્માથી આપ સેવિત છો. શંખ, કમળ ઈત્યાદિથી સુશોભિત સર્વશક્તિસ્વરૂપા આપને નમસ્કાર છે.

વેદોના વાઙ્મય સ્વરૂપ ઉપનિષદોએ પણ માતૃ ઉપાસનાને ઉચ્ચ ગૌરવવંતું સ્થાન આપ્યું છે. 'માતૃ દેવો ભવ' કહીને માતાને દેવસ્થાને સ્થાપિત કરેલ છે, જ્યારે ઈશ્વર સ્વયં માતૃસ્વરૂપ ધારણ કરે ત્યારે સોનામાં સુગંધ સમાન તે સ્થાન પરમોચ્ચ ગૌરવવંતું બને છે.

દીપોત્સવી પૂર્વે ધનતેરસ અને દિવાળીના પર્વે આપણે લક્ષ્મીપૂજન કરીએ છીએ, પરંતુ લક્ષ્મી એટલે માત્ર પૈસો જ નથી, આપણું ચારિત્ર્ય, વિવેક, સંતાનો, પશુધન, વિદ્યાધન, અન્નધન પણ આપણી લક્ષ્મી કે સંપત્તિ જ છે. ઈશ્વરનું માતૃસ્વરૂપ એટલે સ્ત્રી માત્રમાં ઈશ્વરનાં દર્શન કરવાની હાકલ તો છે જ, સાથે સાથે સર્વત્ર ઈશ્વર માતા સમાન કરુણા, ક્ષમા અને ઓજસ કે તેજસ્વરૂપે પણ વિસ્તરી રહ્યો છે તે હકીકતને પણ સત્યાર્થ કરે છે.

જો માત્ર પૈસો જ હાથમાં હોય અને વિવેક કે ધૈર્ય ન હોય તો આ અર્થ અનર્થ કરે છે; માટે ધૈર્યને પણ લક્ષ્મીસ્વરૂપ માનવામાં આવેલ છે. માનવની મૂળભૂત આવશ્યકતા વિવેક અને ધૈર્ય જ તેને તેના ખરા અર્થમાં માનવત્વ પ્રદાન કરે છે. આમ શ્રીલક્ષ્મી મૂળ તો પરબ્રહ્મની પરાશક્તિ, અપરાશક્તિ, ઈચ્છાશક્તિ, ક્રિયાશક્તિ, જ્ઞાનશક્તિ છે. તે જ આદિશક્તિ છે અને આ આદિલક્ષ્મી જગન્માતા જ શ્રી આદિલક્ષ્મી, શ્રીધાન્યલક્ષ્મી, શ્રીધૈર્યલક્ષ્મી, શ્રીગજલક્ષ્મી, શ્રી સંતાનલક્ષ્મી, શ્રીવિજયલક્ષ્મી, શ્રીવિદ્યાલક્ષ્મી, શ્રી ધનલક્ષ્મી તેમના અષ્ટધા સ્વરૂપમાં વિલસે છે.

## શ્રી આદિ લક્ષ્મી

**સુમનસવન્દિતસુંદરિ માધવિ ચન્દ્રસહોદરિ હેમમયે;**
**મુનિગણવંદિત મોક્ષ પ્રદાયિનિ મંજુલભાષિણિ વેદનુતે।**
**પંકજવાસિનિ દેવસુપૂજિતસદ્ગુણવર્ષિણિ શાન્તિયુતે;**
**જય જય હે મધુસૂદનકામિનિ આદિલક્ષ્મી જયપાલય મામ્॥**

ઉમદા મનવાળાઓથી વંદિત, પરમ સુંદરી, માધવ પ્રિયા, ચંદ્રમાની બહેન, સુવર્ણમયી, મુનિ સમુદાયથી વંદિત, મોક્ષ દેનારી, મધુરભાષિણી, વેદ દ્વારા સ્તુતિ કરાયેલી, કમળવાસિની, દેવોથી પૂજાયેલી, સદ્ગુણોની વર્ષા કરનારી, શાન્તિયુક્ત, મધુસૂદન-કામિની આદિલક્ષ્મી તમારો જય હો; તમો અમારું પાલન કરો.

## શ્રી ધાન્યલક્ષ્મી

**અયિકલિકલ્મષનાશિનિ કામિનિ વૈદિકરૂપિણિ વેદમયે;**
**ક્ષીર સમુદ્રભવમંગલરૂપિણિ મન્ત્રનિવાસિનિ મન્ત્રનુતે।**
**મંગલદાયિનિ અંબુજવાસિનિ દેવગણાશ્રિતપાદયુતે;**
**જય જય હે મધુસૂદનકામિનિ ધાન્યલક્ષ્મી જયપાલય મામ્॥**

કલિયુગના અનિષ્ટોનો નાશ કરનારી, કામિની, વૈદિકસ્વરૂપા, વેદમયી, ક્ષીરસાગરમાંથી પ્રગટ થયેલી, મંગલરૂપિણી, મંત્રમાં નિવાસ કરતી, મંત્રથી સ્તવાયેલી, મંગલપ્રદાયક, કમલ વાસિની, દેવસમૂહ દ્વારા આશ્રય કરેલ ચરણવાળી, હે મધુસૂદન કામિની ધાન્યલક્ષ્મી! તમારો જય હો, આપ અમારું પાલન કરો.

## શ્રી ધૈર્ય લક્ષ્મી

**જય વરવર્ણિનિ વૈષ્ણવિ ભાર્ગવિ મન્ત્રસ્વરૂપિણિમન્ત્રમયે;**
**સુરગણપૂજિત શીઘ્ર ફલપ્રદ -જ્ઞાન વિકાસિનિ શાસ્ત્રનુતે।**
**ભવભયહારિણિ પાપવિમોચનિ સાધુજનાશ્રિત પાદયુતે;**
**જય જય હે મધુસૂદન કામિનિ ધૈર્યલક્ષ્મી જયપાલય મામ્॥**

સુંદર વર્ણવાળી, વિષ્ણુપત્ની, ભૃગુનંદિની, મંત્રસ્વરૂપિણી, મંત્રમયી, દેવ દ્વારા પૂજિતા, શીઘ્ર ફળપ્રદાયક, જ્ઞાનનો વિકાસ કરનારી, શાસ્ત્ર દ્વારા સ્તુતિ કરાયેલી, સંસારના ભયનું હરણ કરનારી; પાપમાંથી મુક્તિ આપનારી સાધુપુરુષો દ્વારા આશ્રિત ચરણવાળી, હે મધુસૂદનકામિની ધૈર્યલક્ષ્મી ! તમારો જય જય થાઓ. તમો અમારું પાલન કરો.

## શ્રી ગજલક્ષ્મી

**જય જય દુર્ગતિનાશિનિ કામિનિ સર્વફલપ્રદશાસ્ત્રમયે;**
**રથગજતુરગ પદાદિસમાનુત પરિજન મણ્ડિત લોકનુતે।**
**હરિહર બ્રહ્મ સુપૂજિત સેવિતતાપ નિવારિણિ પાદયુતે;**
**જય જય હે મધુસૂદનકામિનિ ગજલક્ષ્મી જયપાલય મામ્॥**

દુર્ગતિનો નાશ કરનાર, કામિની, સર્વ ફલપ્રદાયક, શાસ્ત્રમય, રથ-ગજ- ઘોડા અને પાયદળથી ઘેરાયેલ પરિજનથી સુશોભિત, લોકો વડે સ્તવાયેલી, વિષ્ણુ, શિવ, બ્રહ્માથી પૂજિત - સેવિત તથા તાપનિવારણ કરતાં ચરણયુક્ત, મધુસૂદનકામિની ગજલક્ષ્મી! તમારો જય જય થાઓ. તમો અમારું પાલન કરો.

## શ્રી સંતાનલક્ષ્મી

**અયિખગવાહિનિ મોહિનિ ચક્રિણિ રાગવિવર્ધિની જ્ઞાનમયે;**
**ગુણગણવારિધિ લોકહિતૈષિણિ સપ્ત સ્વરવરભૂષિતગાનનુતે।**
**સકલસુરાસુર દેવમુનીશ્વર માનવવન્દિત પાદયુતે;**
**જય જય હે મધુસૂદનકામિનિ સન્તાનલક્ષ્મી જયપાલય મામ્॥**

પક્ષીના વાહનવાળી, મોહ પમાડતી, ચક્રધારિણી, પ્રેમની વૃદ્ધિ કરતી, જ્ઞાનમય, ગુણના સમુદાયના સાગરરૂપ, લોકહિત ઈચ્છતી, સાત સ્વરથી ભૂષિત, ગાયનયુક્ત, સર્વ સુર-અસુર-મુનીશ્વર મનુષ્યો દ્વારા વંદિત ચરણયુક્ત, હે મધુસૂદન કામિની સંતાનલક્ષ્મી! તમારો જય જય થાઓ. તમો અમારું પાલન કરો.

## શ્રી વિજય લક્ષ્મી

**જય કમલાસનિ સદ્‌ગતિદાયિનિ જ્ઞાનવિકાસિનિ જ્ઞાનમયે;**
**અનુદિનમર્ચિત કુંકુમ ધૂસરભૂષિતવાસિતવાદ્યનુતે।**
**કનકધારાસ્તુતિ વૈભવવન્દિત શંકરદેશિક માન્યપદે;**
**જય જય હે મધુસૂદનકામિનિ વિજયલક્ષ્મી જયપાલય મામ્॥**

કમળ ઉપર નિવાસ કરતી, સદ્‌ગતિ દેનારી, જ્ઞાનનો વિકાસ કરતી, ગાયનમય, કુંકુમથી ધૂસરિત-શોભિત- સુવાસિત દ્રવ્યો વડે નિત્ય પૂજિત, વાદ્યોથી સ્તુતિ કરાયેલી, કનકધારા સ્તોત્રના વૈભવ દ્વારા અભિવંદિત જગતગુરુ શંકરાચાર્ય દ્વારા પૂજાયેલ શ્રીચરણવાળી, હે મધુસૂદન કામિની વિજયલક્ષ્મી ! તમારો જય જય થાઓ. તમો અમારું પાલન કરો.

## શ્રી વિદ્યાલક્ષ્મી

**પ્રણત સુરેશ્વરિ ભારતિ ભાર્ગવિ શોકવિનાશિનિ રત્નમયે;**
**મણિમયભૂષિત-કર્ણવિભૂષણ શાન્તિ સમાવૃત - હાસ્યમુખે।**
**નવનિધિદાયિનિ કલિમલહારિણિ કામ્ય ફલપ્રદ હસ્તયુતે;**
**જય જય હે મધુસૂદન કામિનિ વિદ્યાલક્ષ્મી જયપાલય મામ્॥**

પ્રણામ કરતા દેવોની સ્વામિની, ભારતી, ભૃગુનંદિની, શોકનો નાશ કરનારી, રત્નમય, મણિનાં આભૂષણથી શોભિત કર્ણયુક્ત, શાંતિસભર હાસ્યથી યુક્ત મુખવાળી, નવનિધિ દેનારી, કલિમલનું હરણ કરનારી, કામ્ય ફળ આપનારી, હે મધુસૂદન કામિની વિદ્યાલક્ષ્મી! તમારો જય જય થાઓ! તમો અમારું પાલન કરો.

## શ્રી ધનલક્ષ્મી

**ધિમિધિમિધિન્ધિમિ ધિન્ધિમિધિન્ધિમિ દુન્દુભિનાદસુપૂર્ણમયે;**
**ધુંધમ ધુંધઉમ ધુંધુમ શંખનિનાદસુવાદ્યનુતે।**
**વેદપુરાણેતિહાસસુપૂજિત વૈદિક માર્ગ પ્રદર્શયુતે;**
**જય જય હે મધુસૂદનકામિનિ ધનલક્ષ્મી જયપાલય મામ્॥**

ધિમ - ધિમ - ધિમ દુન્દુભિઓના નાદથી પૂર્ણ ધુમ-ધુમ-ધુમ સુંદર શંખનિનાદથી સ્તવાયેલી, વેદપુરાણ - ઈતિહાસ વડે પૂજાયેલી, વૈદિક માર્ગનું પ્રદર્શન કરનારી, હે મધુસૂદનકામિની ધનલક્ષ્મી! તમારો જય જય થાઓ. આપ અમારું પાલન કરો.

દિવાળીની પૂર્વસંધ્યા એટલે નરક ચતુર્દશી. આ દિને નરકાસુરનો વધ થયો એટલે તેના આનંદમાં દીપોત્સવી પર્વનો ઉત્સવ થયો. એક માન્યતા એવી પણ છે કે દશેરાના દિવસે રાવણસંહાર અને લંકાદહન પછી શ્રીરામ અયોધ્યા પધાર્યા એટલે શ્રીરામવિજયની વધાઈનો ઉત્સવ એટલે દીપાવલી, પરંતુ ગમે તેમ તોયે દિવાળી વિજયનો ઉત્સવ છે. અષ્ટલક્ષ્મીનાં આઠ સ્વરૂપમાં વિજયલક્ષ્મીનું પોતાનું આગવું ગૌરવ છે. આ લક્ષ્મી આરાધના અને મહાલક્ષ્મીની કૃપાનું કોઈ સૂત્ર હોય તો તે ધનતેરસ અથવા દિવાળીના દિવસે ''શ્રીસૂક્તમ્''નો નિયમિત પાઠ કરવો તે છે. મૂળ 'શ્રીસૂક્તમ્' માં સોળ મંત્રો છે. તેની પુરવણીમાં બીજા અગિયાર શ્લોકો છે. આ વૈદિક મંત્રો છે. પરિવારનાં સૌ નાનાં-મોટાં સાથે બેસીને દરરોજ સાંજે આ 'શ્રીસૂક્તમ્'નો પાઠ કે પારાયણ કરે તે વધુ આવકારદાયક છે. સંભવ ના હોય તો જે કોઈ પણ કરી શકે દરરોજ અચૂક 'શ્રીસૂક્તમ્'નું પારાયણ (૧) કીર્તિ (૨) જ્ઞાન (૩) સામર્થ્ય (૪) બળ અને વિજય (૫) સારાં સંતાન (૬) હિંમત (૭) સુવર્ણ અને ભૌતિક સંપત્તિ (૮) પુષ્કળ ધાન્ય (૯) સુખ (૧૦) આનંદ (૧૧) બુદ્ધિ (૧૨) સૌન્દર્ય (૧૩) ઉચ્ચ ધ્યાન (૧૪) સદાચાર (૧૫) સારું સ્વાસ્થ્ય (૧૬) દીર્ઘ આયુષ્ય આપનારું છે. આ બધું ઐશ્વર્ય ક્ષમતાનાં દેવી અષ્ટમહાલક્ષ્મીની કૃપાથી પ્રાપ્ત થાય છે.

દીપોત્સવીના આ પુનિત પર્વે દીવડા પ્રકટાવીને જગન્માતા મહાલક્ષ્મીને પ્રાર્થીએ;

**હિરણ્યવર્ણાં હરિણીં સુવર્ણરજતસ્રજામ્।**
**ચંદ્રાં હિરણ્મયીં લક્ષ્મીં જાતવેદો મ આવહ॥**

(શ્રીસૂક્તમ્ : ૧)

હે સર્વજ્ઞ અગ્નિદેવ! (સર્વ દેવોના પ્રતિનિધિ) સુવર્ણ જેવા વર્ણવાળી, દારિદ્રયનો નાશ કરવામાં હરણી જેવી શીઘ્ર ગતિવાળી અને ચપળ, સુવર્ણ અને ચાંદીના અલંકારોથી અલંકૃત ચંદ્ર જેવી શીતલ, પુષ્ટિકારી, આહ્લાદક અને સુવર્ણસ્વરૂપા, પરમ તેજસ્વી લક્ષ્મીજીને મારે ત્યાં, મારા અભ્યુદય માટે લઈ આવો.

**ૐ શાંતિ**

---

**(ષણ્મુખની હાક્લ અનુસંધાન પાન નં.૧૦ ઉપરથી ચાલુ)**

અંદર તે અંત વગરની આશા અને હિંમત બની બેઠી છે. આ બધી દૈવી-સંપદા છે. તમારી અંદર જે દિવ્યતા છે, તે તમે ધારણ કરેલા દૈવીરૂપ મુજબ તમારામાં વાસ કરે છે.

''ઉત્તિષ્ઠત''! ઊભો થા! ''જાગ્રત'' ઊઠ! સદાસર્વદા જાગ્રત અને સતર્ક રહો! ફરી પાછા ઊંઘમાં પડશો નહિ! 'ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત' - ''ઊઠો, જાગો, જ્ઞાનીજન પાસે જ્ઞાન પામો.'' ભગવાન સ્કંદનું આવાહન કરવું એટલે આ હાકલને અનુસરવું.

સ્કંદષષ્ઠીનો આ ભાવ છે. ઉપનિષદોની આ માગ છે. તમારો તે વારસો છે, ડરશો નહિ. હિંમત તમારો જન્મજાત હક છે. આશા તમારો જન્મસિદ્ધ હક્ક છે, દૃઢ નિશ્ચય તમારો જન્મસિદ્ધ હક છે, હતાશ બની ડગમગવું કે મોળા પડવું લગીરે યોગ્ય નથી.

આમ, દૈવી પરિબળોના આ સેનાપતિને નમન કરીએ છીએ. બધું જ જે હકારાત્મક છે, જે રચનાત્મક છે, જે સઘળું દિવ્ય છે, જે તમારા આદર્શવાદમાં અને આધ્યાત્મિક જીવનમાં તમારી સફળતા ખાતરીથી કરાવે છે તે રૂપે તે મહાત્મા તમારામાં વાસ કરે છે.

ભગવાન તમારું ભલું કરો!

☐ **'સાધનામાં અંતરદૃષ્ટિ'માંથી સાભાર**

# ભક્તિ - ૨

**શ્રી સ્વામી ગોવિંદદેવગિરિજી**

**કથામાં અનુરાગ**

ગર્ગાચાર્ય મહારાજ કહે છેઃ 'કથાદિષુ અનુરાગઃ ઇતિ ગર્ગઃ' ભગવાનની કથામાં રસ લાવો, કથા પ્રેમ પૂર્વક સાંભળો. અહીં આપ જોશો કે ક્રિયા ઓછી થઈ ગઈ અને ભાવની મહત્તા થઈ ગઈ; કારણ કે જે વ્યક્તિ કથા સાંભળવા માટે બેસે છે, તે કેવળ ક્રિયા કરતી નથી. તેમાં ક્રિયા છે, તે પણ ભાવપ્રધાન ક્રિયા છે. તેમાં કથાકાર બોલે અને શ્રોતાગણ સાંભળે તેટલી ક્રિયા છે; પૂજા વગેરે પ્રક્રિયાઓમાં જે શારીરિક ક્રિયાઓ કરવામાં આવે છે તેના પ્રમાણમાં કથામાં ક્રિયા અલ્પ છે. જ્યારે તમે ભગવાનની પૂજામાં બેસો ત્યારે વધુ હલચલ હોય છે કે કથા સાંભળો ત્યારે પ્રમાણમાં ખૂબ ઓછી હલચલ હોય છે. **કથામાં શ્રવણ પ્રધાન છે. ભાવ પ્રધાન છે.**

કથામાં અનુરાગ નિર્માણ થઈ ગયો, કથામાં પ્રેમ નિર્માણ થઈ ગયો. હવે ભગવાનની કથા પ્રિય લાગવા માંડી. પ્રભુએ હનુમાનજીને પૂછ્યું. ''હનુમાન, મારી પાસેથી તું શું ઇચ્છે છે?'' પ્રભુ. જ્યાં સુધી આપની મંગળ કથા સંસારમાં ચાલતી રહે, ત્યાં સુધી હું ક્યાંય જવા માગતો નથી. બસ, આપની કથા સાંભળવા ઇચ્છું છું. 'જ્યાં જ્યાં રામકથા ત્યાં ત્યાં શ્રી હનુમાન', ગર્ગાચાર્ય મહારાજ કહે છે, ભગવાનની કથામાં રસ લેવો જોઈએ. કેટલાક લોકોને કથામાં જ દર્શન થઈ જાય છે. ત્યારે ભક્તિ છે, કથામાં અનુરાગ. હવે કથાદિષુ અનુરાગ એટલે કથા ઇત્યાદિમાં અનુરાગ, ઇત્યાદિમાં સંકીર્તન આવે. કથામાં પણ પ્રેમ છે. વચ્ચે વચ્ચે ભગવાનનું સંકીર્તન થાય છે. કથામાં પ્રેમ, ભગવદ્ નામના સંકીર્તનમાં પ્રેમ તે ક્રિયાત્મિકા ભક્તિ કરતાં અધિક સૂક્ષ્મ ભાવાત્મિકા ભક્તિ છે. ત્યાં ક્રિયાનું સ્વરૂપ સમાપ્ત થતું નથી, પણ પહેલાં કરતાં ઘટી જાય છે.

નારદજી મહારાજને કહેવામાં આવ્યું કે આપે લોકોને મત બતાવ્યો તે સારી વાત છે. સાથેસાથે આપનો શું મત છે? દેવર્ષિ નારદજી કહે છે. 'સા ત્વસ્મિન્ પરમપ્રેમરૂપાઃ અમૃતરૂપાઃ ચ' શ્રી ભગવાનમાં પરમપ્રેમ જાગ્રત થઈ જાય. હવે પ્રેમ અને પરમપ્રેમમાં શું અંતર છે એ આપણે જોઈશું, પરંતુ પ્રભુનો પ્રેમ જાગ્રત થઈ ગયો તે મૂળ વાત છે. શાંડિલ્ય મહારાજે કહ્યુંઃ 'સા પરાનુરક્તીશ્વરે' ભગવાન તરફ પરમ અનુરક્તિ થઈ ગઈ. અનુરક્તિનો અર્થ છે લીનતા-લીન થઈ જવું. હું ભગવાનમાં રક્ત થઈ ગયો, અનુરક્ત થઈ ગયો, એટલે પ્રભુમાં લીન થઈ ગયો, આસક્ત થઈ ગયો. પ્રભુ સાથે તાદાત્મ્ય થઈ ગયું. આમ, એક શબ્દ ભક્તિ માટે બધા મહાત્માઓએ થોડી થોડી અલગ વ્યાખ્યાઓ બતાવી છે. શ્રીમદ્ ભાગવતમાં સ્વયં ભગવાન કપિલ મહામુનિ ભક્તિ વિષે કહે છેઃ 'મા, ભક્તિ તો ખૂબ સૂક્ષ્મ અને વિસ્તૃત વાત છે. તેની ગહનતા ખૂબ છે. છેલ્લે તેનું કેવું સ્વરૂપ હોય છે? ભગવાનના ગુણોના સ્મરણ માત્રથી કોઈ બહાને પણ પ્રભુનું સ્મરણ થવાથી ચિત્તની બધી વૃત્તિઓ જેમ ભગવતી ગંગાનો પ્રબળ પ્રવાહ સાગર તરફ વહે છે તેમ ભગવાન તરફ વહેવાનું શરૂ કરી દે છે. અને નિરંતર વહેતી રહે છે.

**ભક્તિ એટલે ચિત્તનું પીગળવું**

ભક્તિ અને જ્ઞાન, આ બન્ને સાધનોના રાજા, શ્રેષ્ઠ પ્રવક્તા, જેમનું આપણાં શાસ્ત્રોના ઈતિહાસમાં ખૂબ મોટું નામ છે તે મધુસૂદન સરસ્વતી મહારાજ કહે છેઃ 'ભક્તિ એટલે ચિત્તનું પીગળવું'. ચિત્ત પીગળવું જોઈએ. ઘી જામી જાય છે. શિયાળામાં જામી જાય છે અને તે થીજી ગયેલા ઘીને જો તડકામાં મૂકીએ કે ચૂલા ઉપર ગરમ

કરીએ ત્યારે તે પીગળવા માંડે છે. મધુસૂદન સરસ્વતી મહારાજ કહે છે કે આપણું ચિત્ત થીજી ગયેલા ઘી જેવું છે. તે એટલું બધું થીજી ગયું છે કે પથ્થર જેવું કઠણ બની ગયું છે. ગંગાજીનો પ્રવાહ વહી રહ્યો છે. કેમ વહી રહ્યો છે? આપણે જાણીએ છીએ કે ઉનાળામાં સૂર્યના તાપથી બરફ પીગળવા માંડે છે અને તે પાણીરૂપે વહેવા માંડે છે. ચિત્તની વૃત્તિ-ધર્મ-પીગળવાનો છે.

**દ્રુતસ્ય ભગવદ્ધર્માત્ ધારાવાહિકતાં ગતા ।**
**સર્વેશે મનસો વૃત્તિર્ભક્તિરિત્યભિધીયતે ॥**

પણ ચિત્ત કેવી રીતે પીગળે? તમારું અંતઃકરણ પથ્થર જેવું કઠોર છે. અરે ભાઈ! બરફને પીગાળવો, ઘીને પીગાળવું ખૂબ સહેલું છે. ચિત્તને કેવી રીતે પીગાળી શકાય? અહીં બેઠાં બેઠાં બેટાની યાદ આવી જાય તો ચિત્ત પીગળી જાય છે. પોતાની કોઈ પિયરની યાદ આવી જાય તો ચિત્ત પીગળી જાય છે. વિષયોનો વિચાર આવે તો ચિત્ત પીગળી જાય છે. અહીં આવશ્યકતા એ વાતની છે કે ચિત્ત પીગળવાની ક્રિયા ભગવાનના ગુણોના લીધે, ભગવાનના ધર્મોને લીધે થાય. પોતાના પુત્રનું સ્મરણ થવાથી ચિત્ત પીગળી ગયું અને પ્રેમનો પ્રવાહ વહેવા માંડ્યો. અહીં એવું થવું જોઈએ કે હું કેટલાય દિવસ થયા પણ વૃંદાવન જઈ શક્યો નથી. પ્રભુને પણ મારી યાદ આવતી હશે. કેટલા દિવસ થઈ ગયાં પંઢરપુર ગયો નથી. આજે તો મોટો મેળો જામ્યો હશે અને હજારો લોકો પ્રભુનાં દર્શન માટે આવતા હશે. હું તો અહીં છું. હું જઈ શકતો નથી... ચિત્ત પીગળે છે. ભગવાનનું ઐશ્વર્ય જોઈને, ભગવાનના ગુણોનું સ્મરણ થતાં ચિત્ત પીગળે છે. જ્યારે પ્રભુની આ રીતે યાદ આવવા માંડે ત્યારે તેમનાં સ્મરણથી ચિત્ત પીગળીને વૃત્તિઓનો પ્રવાહ ભગવાનના ચરણકમળ તરફ સતત રીતે વહેતો થાય તો તેનું નામ ભક્તિ. આ અત્યંત ગંભીર વ્યાખ્યા મધુસૂદન સરસ્વતી મહારાજે આપી. ભગવાન આદિ શંકરાચાર્ય મહારાજની વ્યાખ્યા તો ખૂબ ખૂબ વિલક્ષણ છે. તેઓ કહે છે કે મોક્ષનાં બધાં સાધનોમાં ભક્તિ સર્વશ્રેષ્ઠ છે અને તે ભક્તનું લક્ષણ શું છે? નિરંતર આત્મસ્વરૂપનું અનુસંધાન થાય છે. સંસારમાં હું ગમે તે કામમાં હોઉં પણ મારી વૃત્તિઓનો એક તંતુ મારી અંદર સદા વિરાજમાન પરમાત્મા સાથે જોડાયેલો રહે છે.

**ભગવાન પોતાના લાગવા માંડે**

બધા સંતોનો એવો મત છે કે ભગવાન આપણને પોતાના લાગવા માંડે 'સર્વદા મમતા વિષ્ણૌ' ભગવાન નારાયણ મારામાં સ્થિત છે એવું લાગવા માંડે, એવી પ્રતીતિ થાય કેવી? જેમ 'આ ઘડિયાળ મારી છે, ઘર મારું છે, કાર મારી છે' લાગે છે તેમ, પણ એવું લાગે તો આપણે તેના માલિક બની જઈએ છીએ. સ્વામિત્વની ભૂમિકાથી ભગવાન મારા લાગવા ન જોઈએ. પ્રેમની વ્યાખ્યા જોશો તો જણાશે કે જ્યારે પ્રેમ કરવાનો હોય છે ત્યારે વ્યક્તિ સ્વામી બની શકતી નથી. પ્રેમમાં તો પ્રેમાસ્પદ (જેના પર પ્રેમ કરવામાં આવે છે તે) સ્વામી હોય છે અને હું તો ફક્ત તેમને ખુશ કરવામાં જ લાગ્યો રહું છું. ભગવાન નારાયણ મારા છે, તે મારા પ્રેમાસ્પદ છે. હું તેમના માટે છું. ઉદ્ધવજી, પ્રહ્લાદજી, નારદજી વગેરે બધા એક બાબતમાં એકમત હતા કે ભગવાન મારા લાગે અને તે મમત્વમાં પ્રેમની પ્રધાનતા હોય. આવા પ્રેમમાં કામ હોતો નથી. સ્વામીત્વની ભાવના હોતી નથી. ભક્તિમાં આ બધાં જ લક્ષણો, ભક્તિની આ સમસ્ત વ્યાખ્યાઓ આપણને ભગવાન જ ભક્તિનું પ્રતિપાદન કરવા માગે છે તે ધીમે ધીમે ભક્તિના હૃદય તરફ લઈ જશે. ગીતાના બારમા અધ્યાયમાં જે ભક્તિ નથી, ભક્તિનો આરંભ તો સૂક્ષ્મ રૂપથી તમે જોશો કે બીજા અધ્યાયથી થઈ ગયો છે. સમસ્ત ગીતામાં ભગવાનની ભક્તિની ધારા વહી રહી છે અને આ ભક્તિનો એવો અથાગ મહિમા છે, જેના કારણે ભગવાન પોતે પોતાનું સંપૂર્ણ જ્ઞાન, પોતાનું દર્શન અને પોતાનામાં પ્રવેશ આ બધું ભક્તને આપી દે છે. ભક્તિની આ બધી વ્યાખ્યાઓના પરિપ્રેક્ષ્યમાં ભગવદ્ગીતાકાર

આ એકમાત્ર ભક્તિને અત્યંત ગંભીર સાધન તરીકે દર્શાવીને આગળ વધી ભક્તિને સાધનની સાથેસાથે ભક્તિને સાધ્યરૂપે કેવી રીતે કરી દે છે તે જોઈએ.

**ભક્તિ સાધન જ નહિ, સાધ્ય પણ છે**

ભક્તિ ફક્ત સાધન જ નથી, ભક્તિ સાધન હોવાની સાથે સાધ્ય પણ છે. આપણાં બીજા સાધનોનો પણ ઉપયોગ કરીએ છીએ અને ધીમે ધીમે સાધન છૂટી પણ જાય છે. કર્મકાંડ આપણે કર્યું, કર્મકાંડ છૂટી શકે છે, છૂટી જાય છે. યોગાભ્યાસ કર્યો, યોગાભ્યાસ છૂટી શકે છે, છૂટી જાય છે. અરે! સૌથી મોટું સાધન 'જ્ઞાન'ને માનવામાં આવ્યું છે, ભગવાન અર્જુનને કહે છે કે જ્ઞાન જેવું પવિત્ર કોઈ પણ નથી. પરંતુ આગળ વધતાં જ્ઞાન પણ બંધ થઈ જાય છે, છૂટી જાય છે.

'શિવસૂત્ર'માં એક સૂત્ર છેઃ 'જ્ઞાનં બન્ધઃ' અને ભગવાન જ્ઞાનેશ્વર મહારાજે 'અમૃતાનુભવ'માં અજ્ઞાનનું તો ખંડન કર્યું જ, સાથે જ્ઞાનનું પણ ખંડન કરી નાખ્યું. આવું બધું કર્યા પછી છેલ્લે એકલી ભક્તિ રહી જાય છે. 'કેવલં અવિચ્છિન્નુરાગં લભતે', તે પરમસાધ્ય છે. કેવી વિલક્ષણ વાત છે, ભક્તિ સાધન પણ છે અને સાધ્ય પણ છે! ભક્તિ કરતાં કરતાં, જ્ઞાનની મદદ લઈને કર્મની મદદ લઈને, યોગની મદદ લઈને જ્યાં-જ્યાંથી અન્ય સહાય મળે ત્યાંથી લઈને પરાભક્તિમાં સ્થિર થતાં બાકી બધું છૂટી જાય છે અને એકમાત્ર ભગવાન રહી જાય છે. પછી ખબર નહિ, તે ભક્તને પોતાનાથી અલગ રાખે છે કે પોતાનામાં એક કરી દે છે.

**વસુદેવસુતં દેવં કંસચાણૂરમર્દનમ્ ।**
**દેવકી પરમાનંદં કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્ ॥**
**ૐ શ્રીરામ જય રામ જય જય રામ ।**

**□ 'ધર્મશ્રી'માંથી સાભાર અનુવાદ**

**(શિવાનંદ કથામૃત અનુસંધાન પાન નં.૨૨ ઉપરથી ચાલુ)**

અભ્યાસ અને ધ્યાનથી ભક્તિમય બનાવો. જો તમારે સાંજે કામ કરવાની જરૂર ન હોય તો આ ટેવ હંમેશ માટે રાખો.''

''ત્રણ વાગ્યા પછી કોઈ પણ પ્રકારની ઉત્તેજક વસ્તુ - નહિ ચા, નહિ કૉફી, નહિ પાન કે નહિ મસાલેદાર ખોરાક - ન લો. રાત્રે ખૂબ હલકું ખાણું લો; શક્ય હોય તો થોડા સમય માટે દૂધ અને ફળ જ લો.''

''દિવસે પણ તમે કોઈ પ્રકારનું અશ્લીલ સાહિત્ય ન વાંચો કે અશ્લીલ ચિત્રો ન જુઓ તે ખાસ જરૂરી છે. તમારા મનને હંમેશાં ઉચ્ચ આધ્યાત્મિક સ્તર પર રાખો.''

''ખૂબ જ મહત્ત્વનો યાદ રાખવા જેવો મુદ્દો એ છે કે તમારે સતત તમારી નબળાઈ કે તેને માટે તમે જ સાવચેતી રાખો છો તેનો વિચાર ન કરવો જોઈએ. દૃઢ નિશ્ચય કરોઃ 'હું આ જ ક્ષણથી મનસા, વાચા, કર્મણા પવિત્ર રહીશ. ઈશ્વર મને તે માટે જરૂરી બળ આપશે.' ભૂતકાળને ભૂલી જાઓ. તમારા આધ્યાત્મિક અભ્યાસને ચાલુ રાખો.''

''હું જુદી પોસ્ટથી તમને માળા મોકલી આપું છું. તેનાથી ભગવાનના નામના જપ કરશો. જો બની શકે તો સદા તેને તમારા ગળામાં રાખશો અથવા તમે સાંજે કામ પરથી ઘેર આવો ત્યાંથી માંડી સૂવા જાઓ ત્યાં સુધી તો ગળામાં રાખશો જ. તે પવિત્ર યાદ કરાવનાર તાવીજની માફક કામ લાગશે.''

''હું થોડાંક ડાયરીનાં ફૉર્મ પણ મોકલું છું. મહેરબાની કરી આજથી જ તેને ભરવાનું શરૂ કરી દેશો, નિખાલસ બનો. તેને ભરવામાં સચ્ચાઈ રાખશો. દરેક માસે ડાયરીની એક પ્રત મને મોકલી આપશો. હું તમારી સેવા કરી માર્ગદર્શન આપી તમને પૂરેપૂરા બદલાયેલા મનુષ્ય, અતિમાનવ બનાવીશ.''

''ભગવાન તમને સ્વાસ્થ્ય, દીર્ઘ આયુષ્ય, શાંતિ, આબાદી અને કૈવલ્ય મોક્ષના આશીર્વાદ આપે''

**□ 'શિવાનંદ કથામૃત'માંથી સાભાર**

# સાધનાપથમાં ગુરુદેવનું મહત્ત્વ

શ્રી સ્વામી અભિરામદાસજી ત્યાગી

આપણે જ્યારે ગુરુદેવના શરણે જઈએ છીએ, શ્રી ગુરુદેવના ચરણારવિંદનો આશ્રય લઈએ છીએ અને તેમનો જે વરદ હાથ આપણા શિર ઉપર રહે છે, તેમની છત્રછાયામાં આપણે સાધનાપથમાં આગળ વધીએ છીએ દરેક ડગ સાથે આપણને એક એવો અનુભવ થાય છે કે આ સાધના હું કરી રહ્યો નથી. આ સાધના મારા ગુરુદેવ દ્વારા કરવામાં આવી રહી છે અને સાધકના જીવનમાં જ્યારે આ સ્થિતિ પેદા થાય છે ત્યારે....?

ગોસ્વામી તુલસીદાસજીએ લખ્યું છેઃ **'કૃષિ નિરાવહી ચતુર કિસાનાં'** જે ખેડૂત ચતુર છે તે ખેતીમાં નીંદણ કરે છે. જ્યારે ખેતરમાં બીજ વાવવામાં આવે છે ત્યારે બીજ તો ઊગે છે, પણ તેની સાથે સાથે ખડ અને નકામું ઘાસ પણ ઊગે છે. જો આ નકામા ઘાસને દૂર ન કરો તો પાકને મોટું નુકસાન થાય છે એટલે જે ખેડૂત ચતુર છે. તે ખડ તેમજ નકામા ઘાસને નીંદણ કરી પ્રથમ દૂર કરે છે.

અહીં સાધનામાં ખડ તથા નકામું ઘાસ શું છે?

સાધક જ્યારે સાધના કરે છે અને તેને તેમાં સફળતા મળે છે ત્યારે સાધનાના માધ્યમથી તે જેમ આગળ વધે તેમ તેની અંદર એક પ્રકારનું અભિમાન પેદા થાય છે. એક અહંકાર પેદા થાય છે કે મેં આટલા જપ કર્યા, મેં આટલાં અનુષ્ઠાન કર્યાં.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં બે પ્રકારની સંપદા બતાવી છે; દૈવી સંપદા અને આસુરી સંપદા. આસુરી સંપદા જીવને બંધનમાં નાખે છે. આસુરી સંપદાવાળી વ્યક્તિ કહે છે કે મેં આટલાં જપ-તપ કર્યાં. હજુ હું આટલાં અનુષ્ઠાન કરીશ. હું બળવાન છું. હું સુખી છું. હું બધાં પર શાસન કરનાર છું. મેં આમ કર્યું, તેમ કર્યું વગેરે-વગેરે. જ્યારે સાધકના મનમાં આ પ્રકારની ભાવના પેદા થાય છે કે મેં આટલાં અનુષ્ઠાન કર્યાં, હું આટલાં અનુષ્ઠાન કરી શકું છું અને આટલાં અનુષ્ઠાન ફરીથી કરી લઈશ અને હું અનુષ્ઠાન કરીને પરમાત્માને પામી શકીશ તો વાસ્તવિકમાં તે પરમપદ સુધી કદાપિ પહોંચી શકતો નથી. આસુરી તત્ત્વ તેને પતનના માર્ગમાં લઈ જાય છે અને પતિત થઈ જાય છે. અર્થાત્ પડી જાય છે. આવું ન બને તે માટે ગુરુનું માધ્યમ છે.

એકલવ્યે દ્રોણાચાર્યની ફક્ત એક મૂર્તિ-પ્રતિમા સ્થાપિત કરી હતી અને તેને ગુરુ માની તેની પાસેથી ધનુષવિદ્યા શીખી. બધાં પ્રયાસ-મહેનત તેનાં જ હતાં. જે અભ્યાસ તેણે કર્યો તે પોતે જાતે જ કર્યો હતો. અહીં દ્રોણાચાર્ય એકમાત્ર પ્રતિમા છે અને તે પ્રતિમાની ન કોઈ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી કે ન તેનામાં કોઈ પ્રકારની ચેતનશક્તિ હતી. પરંતુ જે પરમ ચેતન છે, જે સર્વત્ર પરિપૂર્ણ છે. તેનો તો ક્યાંય કોઈ અભાવ છે જ નહિ. તે તો બધી જગ્યાએ છે જ પરંતુ અહીં એકલવ્યની પ્રતિમા પાસેથી ધનુષવિદ્યા શીખી રહ્યો છું. તે પ્રતિમા મારા ગુરુ છે. આ ભાવના જ કામ કરી રહી છે.

જો ગુરુની એક પ્રતિમા ધનુષવિદ્યા જેવી એક ભૌતિકવિદ્યામાં વ્યક્તિને આટલી નિષ્ણાત બનાવી દેતી હોય તો એક જ સાધના સંપન્ન આધ્યાત્મિક પથમાં આગળ વધેલા ઈશ્વર પ્રાપ્ત સદ્ગુરુદેવ હોય અને કોઈ સાધક તેમનું માર્ગદર્શન લે તો તેને તેમાં સફળતા મળવાનું સુનિશ્ચિત છે જ પરંતુ સફળતાની સાથે જે અભિમાન પેદા થાય છે તે પેદા થશે નહિ. કેમ? કારણ કે તેની અંદર આ બધું મારા પ્રભુની કૃપાથી થાય છે. એવો ભાવ રહેલો છે. મારા ગુરુદેવની કૃપા છે. મારા ઈષ્ટની કૃપા છે. જે ગુરુદેવ છે પોતે જે નિરાભિમાની છે તેમને એવું લાગતું નથી કે હું શિષ્યનું કલ્યાણ કરી રહ્યો છું કે શિષ્યનું કલ્યાણ કરી શકું છું. તેમને તો એક જ વાત દેખાય છે, તેમના અંતઃકરણમાં એક જ ભાવ છે કે પરમાત્માનો આ બધો લીલાવિલાસ ચાલી રહ્યો છે. પરમાત્મા જ અનેક રૂપમાં ખેલી રહ્યા છે.

□ **'પ્રેમામૃત'માંથી સાભાર અનુવાદ**

# આનંદ કુટીરનો સાદ

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

## અંતઃપ્રેરણા

અંતઃપ્રેરણા એટલે હૃદયની ગુહામાં પ્રકાશતા આત્માનું તેજ. આ દિવ્યાગ્નિના પ્રકાશ દ્વારા જ સત્ય અને ઋત રૂપી ધર્મના નિયમોના કર્તા અને અંતર્યામી એવા પરમાત્માના અસ્તિત્વનું તમને ભાન થાય છે. આ વિશ્વકર્તાના નિયમ વિરુદ્ધ તમે કંઈ પણ વિચાર કે કાર્ય કરો ત્યારે તે પોતાના વિરોધનો અવાજ તમને સંભળાવે છે.

જ્યારે તમે નીતિ અનીતિરૂપી દૈવી-આસુરી સંપદાના ઝઘડામાં સપડાયા હો ત્યારે આત્માનો અવાજ 'હા' કે 'ના' દ્વારા તમને અનુમોદન આપે છે કે નિષેધ કરે છે. તે કોઈ પણ કાર્ય કરવા કે ન કરવા માટેની અંદરની પ્રેરણા છે. આ અંતરાત્માની અંતઃપ્રેરણા એ જ અંદરનો શાસક છે.

અંતઃપ્રેરણા એ સત્યનું જ એક સ્વરૂપ છે. તે આપણાં પોતાનાં કૃત્યો અને લાગણીઓ સત્ય છે કે અસત્ય તેનો વિવેક કે જ્ઞાન આપે છે. તે આપણાં કૃત્યોને જોખવા માટેનું સૂક્ષ્મ ત્રાજવું છે. આ આંતરશક્તિ દ્વારા આપણે સાચા-ખોટાનો ભેદ પાડી શકીએ છીએ. તે અંદરથી આવતો માર્ગદર્શક ધ્વનિ છે. તે કર્તવ્યનું ભાન કરાવે છે. સહૃદયતા પણ તે જ છે. અંતઃપ્રેરણા શાંત ગુરુતુલ્ય છે.

અંતરાત્માનો અવાજ એ મહાન નૈતિક શક્તિ છે. આ અત્યંત સૂક્ષ્મ યંત્ર સાચું શું છે અને ખોટું શું છે તે તરત જ કહી દે છે. અવાજ વિનાની આ પરાવાણી સદ્‌ગુણ અને પવિત્રતાનો માર્ગ બતાવે છે. ખરેખર તે અત્યંત ગૂઢ અને સૂક્ષ્મ છે. તેથી તેને સરળતાથી દબાવી શકાય છે. તે વાણી એટલી સ્પષ્ટ હોય છે કે તેમાંથી બીજો કોઈ અર્થ નીકળી શકે જ નહીં,

આપણો અંતરાત્મા તર્ક અને ચર્ચાથી પર છે. સદ્‌ગુણોની પ્રાપ્તિ માટે ખૂબ ઊંડાણમાં ડૂબકી મારવા તેમજ દુર્ગુણોની ખીણમાંથી બહાર નીકળવા માટે તે નિશ્ચિત આજ્ઞારૂપ આદેશ આપનાર છે. સત્ય, હિંમત અને ન્યાય એ તેના અલંકાર રૂપ છે.

પોતાનું ચારિત્ર્ય કે મનસ ઊંચા કે નીચા નૈતિક સ્તર પર છે તેનું ભાન અંતરાત્માથી થાય છે, સાથે સાથે સત્ય કે સન્માર્ગે પોતાની ફરજ બજાવવાની ભાવના પણ અંતઃપ્રેરણાથી જ પ્રગટ થાય છે.

આંતરચેતનારૂપી આ સોય પરમાત્માના શાશ્વત ન્યાયરૂપ ધ્રુવના તારા સામે સતત આકર્ષાયેલી રહે છે.

અંતરાત્મા એ તમારો સાચો આંતરિક ગુરુ છે. તે આપણા વાસ્તવિક જીવનનો સાચો સાક્ષી છે. અંતરાત્મા એક શ્રેષ્ઠ ન્યાયમંત્રી છે. તે ધમકી આપે છે, વચન પણ આપે છે, ઈનામ આપે છે, શિક્ષા પણ કરે છે, તે બધાંને પોતાના કાબૂમાં રાખે છે. અંતરાત્મા ક્યારેક દુઃખી પણ થાય, ડંખે પણ ખરો. જો તે વારંવાર ત્રસ્ત થાય કે ડંખે તો તે ઘૃણા કે ધિક્કારરૂપ છે. માટે અંતઃપ્રેરણાને સાંભળો અંતરાત્માની આજ્ઞામાં રહો. ત્યાં જ જ્ઞાન, પ્રકાશ અને વિકાસની લહાણ છે, કારણ અંતઃપ્રેરણા જ આપણા જીવનપથ પર પ્રકાશ પાથરે છે, અંતરને અજવાળે છે.

ૐ શાંતિ.

**અંદરના અવાજને સાંભળો :** લોકોના અભિપ્રાયથી પ્રભાવિત ન થાઓ અને દોરવાઈ પણ ન જાઓ. તમારી અંદરથી આવતા આત્માના નાના અને મધુર અવાજને સાંભળો, પછી સત્યના માર્ગે હિંમતથી અને આનંદથી આગળ વધો.

# શિવાનંદ કથામૃત

[ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજને આનંદ કુટિર હૃષીકેશમાં મળવા માટે અનેક આગંતુકો, મુલાકાતીઓ અને ભક્તો આવતા. તેઓ ગુરુદેવને વિવિધ વિષયો પર અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા. ગુરુદેવ તેનો યોગ્ય જવાબ આપતા. આ પ્રશ્નો તથા તેના જવાબ ગુરુદેવની સાથે રહેતા સંન્યાસી શિષ્યો ચીવટપૂર્વક નોંધી લેતા. આ નોંધ એટલે શિવાનંદ કથામૃત. તેમાં ઘણી વ્યક્તિઓનો ફાળો છે. મુખ્ય ફાળો સ્વામી વ્યંકટેશાનંદનો છે. આ ઉપરાંત સ્વામી શિવાનંદ હૃદયાનંદ, સ્વામી ચૈતન્યાનંદ, સ્વામી સંતાનંદ, સ્વામી ગુરુશરણાનંદ, સ્વામી પરમાનંદ તથા બીજાઓએ સેવા આપી હતી.]

## કથાનક-૧૦

### પૂર્ણ ગુરુની શોધ

એક યુવાને પૂછ્યું: ''મારે પૂર્ણ ગુરુ શોધવા છે.''

ગુરુદેવે પૂછ્યું: તમે પૂર્ણ શિષ્ય છો?

પ્રશ્ન સાંભળી તે યુવાનને આંચકો લાગ્યો. તેણે આવા પ્રશ્નની આશા રાખેલી નહિ. એટલે તેણે અચકાતાં અચકાતાં પૂછ્યું: ''ના, સ્વામીજી, હું સારી રીતે જાણું છું કે હું ક્ષતિઓથી ભરેલો છું.''

''તો પછી તમે પૂર્ણ ગુરુ કેવી રીતે શોધી શકશો?'' ગુરુદેવે પૂછ્યુ, ''જ્યારે તમે આટલી બધી અપૂર્ણતાઓથી ભરેલા હો ત્યારે તમને ગુરુ કેવા છે એ જાણવાનો શું હક છે. આ તબક્કે તમારે માટે ગમે તે ચાલી શકશે, નાના છોકરા માટે ગામડાની શાળા ચાલે. જ્યારે તે મોટો થાય ત્યારે તે કસ્બાની સ્કૂલમાં જાય અને પછી શહેરમાં કૉલેજમાં જાય. અહીં ઘણા મહાત્માઓ છે ગમે તે એકની પાસે જાઓ. તેમની સેવા કરો અને શીખો.''

### દિવ્ય જીવન

એક મુલાકાતીએ ગુરુદેવને પૂછ્યું: ''દિવ્ય જીવન સંઘના પુસ્તકાલયમાં બાઈબલ અને કોરાન જેવાં પવિત્ર પુસ્તકો છે?''

ગુરુદેવે કહ્યું: ''બાઈબલ અને કોરાન પોતે જ દિવ્ય જીવન સંઘનાં પવિત્ર પુસ્તકો છે. દિવ્ય જીવન સંઘ એ કોઈ નવો ધર્મ નથી. તે દરેક માણસની પોતાના ધર્મમાંની શ્રદ્ધાને મજબૂત કરે છે અને બીજા ધર્મ માટેની સહિષ્ણુતાને પુષ્ટ કરે છે.''

### મચ્છરનું સ્થાન

મોદીનગરના કરોડપતિ-ઉદ્યોગપતિ રાય બહાદુર જી. એમ. મોદી તા. ૪-૫-૧૯૫૦ના દિને ગુરુદેવને મળ્યા. તેમણે પૂછ્યું: ''સ્વામીજી, આ દુનિયાની બધી સારી વસ્તુઓ ઈશ્વરે કેમ ઉત્પન્ન કરી છે તે હું સમજી શકું છું પણ તેણે મચ્છરનું શા માટે સર્જન કર્યું? તે કોઈને કંઈ પણ ઉપયોગનો નથી અને આપણા બધાંને માટે ઉપદ્રવકર્તા છે.''

''ઈશ્વરના સર્જનમાં કશું જ તદ્દન નકામું નથી.'' ગુરુદેવે સમજાવતાં કહ્યું, ''સર્જન તેની રમત હોવા છતાં તેણે સર્જેલી દરેક વસ્તુ પછી તે મચ્છર હોય છતાં કોઈ ના કોઈ ઉપયોગની છે.'' તેની સમજૂતી આપતાં તેમણે જણાવ્યું.

''મચ્છર એ ચામાચીડિયાં અને બીજાં પક્ષીઓનો ખોરાક છે. જે ઈશ્વરે ચામાચીડિયાં અને બીજાં પક્ષીઓનું સર્જન કર્યું છે, તેણે તેમને માટે ખોરાકની મચ્છરરૂપે વ્યવસ્થા કરી છે.''

''તે ઉપરાંત, મચ્છરો ભગવાન યમના મંત્રીઓ તરીકે પણ કામ કરે છે. આત્મસંયમના અભાવે માણસોની વસ્તી એકદમ વધતી જાય છે. અન્નની અછત છે અને આવી વિવિધ પ્રકારની મુશ્કેલીઓ પ્રવર્તે છે. ધરતી પર વધુ પડતી વસ્તી થઈ ગઈ છે. ભગવાન યમના આ મંત્રીઓ, મચ્છરો, મલેરિયાના જંતુના વાહક તરીકે કામ કરે છે અને મલેરિયાનો ફેલાવો કરે છે. મલેરિયાને લીધે હજારો લોકો મરણ પામે છે. આમ ધરતી ઉપરનો ભાર ઓછો થાય છે.''

''ત્રીજું, આ મચ્છરોને એક ખૂબ મહત્ત્વનું કાર્ય કરવાનું હોય છે. જાગ્રત અવસ્થામાં તેઓ તમને કરડે છે. દરેક વખતે જ્યારે તે તમને કરડે છે ત્યારે તમે દુનિયાની કુદરત વિષે વિચારો છો... તે કેટલું દુ:ખી સ્થાન છે! ત્યાં મચ્છરો, વીંછીઓ, સાપો, વાઘો અને વિવિધ બીજાં વિકરાળ પ્રાણીઓનો નિવાસ છે, ખૂબ તપતો ઉનાળાનો

સૂર્ય છે, સખત શિયાળાની ઠંડી છે, વાવાઝોડાં, બરફનાં તોફાનો, યુદ્ધો, હુલ્લડો અને ઝઘડા છે. આમાંનું કંઈ જ ન હોય તેવી જગા તરફ તમે કેવી રીતે જઈ શકશો?''

''તે સ્થાન જ્યાં મચ્છરો નથી તે તમારી અંદર આવેલું ઈશ્વરનું ધામ, મોક્ષ છે. મચ્છરો તમને આ સત્યની યાદ આપે છે. તેઓ તમને ઈશ્વર વિષે વિચાર કરવા અને દુન્યવી સંસારનાં દુઃખોમાંથી બચાવવા માટે પ્રેરણા આપે છે.''

''હવે તમને એમ લાગે છે કે સર્જનની બીજી વસ્તુઓની માફક મચ્છરો પણ જરૂરી છે?''

રાય બહાદુર મોદીએ ગુરુદેવે આપેલા મચ્છરોના અસ્તિત્વ માટેના મૂળ પ્રયોજનની વિગતવાર સમજણની પ્રશંસા કરી.

**મનોવિકારને જીતો**

એક જિજ્ઞાસુએ ગુરુદેવને લખ્યું : ''મેં ફોજદારી કાયદાની પાંચ વરસ પ્રૅક્ટિસ કરી છે. મારામાં મારા મનને સદા ક્ષુબ્ધ કરતી એક નબળાઈ છે, જેનો સુધારો થઈ શકે એવા આશયથી તેની પૂરેપૂરી સાચી વાતો આપની સમક્ષ મૂકવાની હિંમત કરું છું.

આવું કેમ બન્યું તેની મને ખબર નથી પણ મારામાં રહેલા શયતાને મારા કૉલેજજીવન દરમિયાન મને વેશ્યાઓને ત્યાં જવા માટે પ્રવૃત્ત કર્યો. હું પરણેલો છું અને બાળકો પણ છે. મારી બૈદ્ધિક પાર્શ્વ ભૂમિ અને મારો અંતરાત્મા જાગ્રત હોવા છતાં હું વેશ્યાને ત્યાં જવાની લાલચને રોકી શકતો નથી. તેને તાબે થઈ જાઉં છું. હું આ ટેવની નફરત કરું છું પણ કોઈ વાર ભાવનાવશ તેમાં ખેંચાઈ જાઉ છું. મને દુઃખ એ વાતનું છે કે હું જે કરું છું તે મારી માન્યતા પ્રમાણે મારી પોતાની જાત સામે, મારી પત્ની સામે, મારાં બાળકો સામે પાપ છે અને છતાં હું તે આચરી રહ્યો છું. મારી જાતને સુધારવા માટે મારે આપની પ્રેરણા તથા માર્ગદર્શનની જરૂર છે.મારામાં શું ખોટું છે તે આપ મને કહી શકશો? મારે માટે કોઈ આશા ખરી કે પછી અરણ્યરુદન માત્ર છે?''

ગુરુદેવે તેને લાંબો પત્ર લખી મોકલ્યોઃ

''પત્ર વાંચીને આનંદ થયો, તેમાં તમારા ઉમદા વ્યક્તિત્વનું, દિવ્ય જીવન અપનાવવાની અને જીવનનું પરમ લક્ષ્ય - ઈશ્વરસાક્ષાત્કાર - પ્રાપ્ત કરવાની સાચી આંતરિક વૃત્તિનું સારી રીતે કરેલું આબેહૂબ વર્ણન છે.''

''તમારામાં રહેલી કામવાસના તમારી સાચી પ્રકૃતિનો ભાગ નથી; જો તેમ હોત તો તમારા પત્રમાં તમે લખેલા આવા ઉદાત્ત વિચારો કદી આવત જ નહિ. તમે શુદ્ધ અને આધ્યાત્મિક વૃત્તિઓથી ભરેલા છો. કામવાસના દેખીતી રીતે કાં તો તમને વારસામાં મળેલી છે કે બાલ્યાવસ્થા અથવા કિશોરાવસ્થામાં થયેલી ખરાબ સોબતને લીધે આવેલી છે. તે પસાર થતાં વાદળાં સમાન છે. તમે જે પળે મને પત્ર લખવાનો વિચાર કર્યો તે પળે જ તે તમને છોડી ગઈ છે. હવે તમારામાં પવિત્રતાનો પ્રકાશ ચમકી રહ્યો છે. તેના તરફ દૃષ્ટિ કરો. તેનું ધ્યાન કરો. ભૂતકાળને ભૂલી જાઓ. પવિત્રતાના માર્ગ પર, તેજના શિખર તરફ આગળ વધો.''

''કામવૃત્તિ કૂતરા જેવી છે. તેને જેટલી આઘી ખસેડશો તેટલી તમારી નજીક આવવાનો પ્રયત્ન કરશે. તેની દરકાર ન કરો. પછી તે ધીમે ધીમે થોડા સમય માટે તમારાથી દૂર રહેશે અને જાણશે કે તમે તેની પરવા કરતા નથી, તે જતી રહેશે. તમે તમારું કામ અને સાધના કરો. નક્કી કરેલા ક્રમ પ્રમાણે તમારા દિવ્ય માર્ગ પર આગળ વધો. પછી તમારામાં રહેલી કામવૃત્તિ અને બીજી નબળાઈઓના અંશ પણ નાશ પામશે. આ બાબતમાં કોઈ શંકા રાખશો નહિ.''

''રાત-દિવસ તમારી જાતને કામમાં રોકાયેલી રાખો. અંધારું થયા પછી કદી એકલા રહેશો નહિ. સાંજના કીર્તન કરો. તમારા કુટુંબના સભ્યો અને મિત્રો સાથે મળી કોઈ ઉદાત્ત આધ્યાત્મિક સાહિત્ય વાંચો. આજથી જ શરૂ કરો. મનને કદી પણ ભૂતકાળ તરફ - રૂપાંતર થયા પછી તમારી જાતને ધન્યવાદ આપવા માટે પણ નહિ - ન જવા દો. તમે ખરેખર ઊંઘી જાઓ ત્યાં સુધી તેને રોકાયેલું રાખો.''

''દરેક પ્રકારના અનિષ્ટને ટાળવા માટે ઈશ્વરના નામના જપ, જપ અને જપ જ ફક્ત ઉપાય છે. આજથી ઓછામાં ઓછા એક માસ સુધી આખી સાંજ જપ, કીર્તન

**અનુસંધાન પાના નં. ૧૯ ઉપર**

# અમૃતપુત્ર-૨૧

- શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડે

['અમૃતપુત્ર'ના અંશો પૂજ્યશ્રી ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ સમક્ષ લોનાવલા-ખંડાલા અને દહેરાદૂનમાં વાંચવામાં આવેલા. મૂળ મરાઠી લેખન અને પછી હિન્દી ભાષાંતર શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડેએ કર્યું છે. તેમની અનુમતિથી આ ગુજરાતી ભાષાંતર દિ.જી.ના ગુરુભક્ત સાધકોની સેવાર્થે પ્રસ્તુત કરવાનો આનંદ છે. -સંપાદક]

ત્યારબાદ સ્વામીજી ગ્રીસ ગયા. એશિયા, આફ્રિકા અને યુરોપમાં દિવ્ય જીવનનો સંદેશ તો તેમણે આપ્યો જ હતો. હવે એટલાંટિક પાર કરીને સ્વામીજી અમેરિકા અને કેનેડા ગયા, 'પ્રતિકાત્મતા અને સત્ય' ભક્તિનો માર્ગ', 'મુક્તિ અને મન', 'કર્મ અને પ્રાકૃતિક નિયમ', 'મંત્ર', 'ધ્યાન', 'ગુહ્ય આધ્યાત્મિક અનુભવ' આ પ્રકારના અનેક વિષયો પર તેમણે વ્યાખ્યાન આપ્યાં.

સ્વામીજીનું કાર્ય અસીમ હતું. દુનિયાના પ્રત્યેક દેશના ખૂણે ખૂણે તેઓ ભ્રમણ કરી રહ્યા હતા. જેમણે થોડી અતીન્દ્રિય શક્તિ પ્રાપ્ત કરી લીધી છે અથવા તો જે ધન-સમ્પત્તિ પાછળ દોડી રહ્યા છે એવા નકલી સાધુઓને દેખીને પાશ્ચાત્ય અને ભારતીય લોકો પણ કંટાળી ગયા હતા. જેમની પોતાની જ તૃષ્ણા શાંત નથી થઈ તેવા સાધુઓ વળી બીજા લોકોને મનની શાંતિ ક્યાંથી આપી શકે? આધ્યાત્મિક ક્ષેત્રના આ દંભી દેખાવથી ત્રસ્ત લોકો હવે કંઈક વધુ સાવધાન થઈને ધર્મ પ્રત્યે દૃષ્ટિ કરતા હતા. તેનો ધર્મ હવે બુદ્ધિગ્રાહ્ય બન્યો હતો, પરંતુ ભારતની સર્વ સાધારણ પ્રજા તો બૌદ્ધિક સ્તરમાં જીવનારી પ્રજા નથી જ. તેથી જેમને બુદ્ધિવાદનું આચરણ દુષ્કર લાગતું હતું તેવા લોકો હવે હતાશ કે નિરાશ પણ થતા હતા અને ક્યાંય પણ શ્રદ્ધા ન રાખવાવાળા લોકો ભોગવાદી થતા જતા હતા. પરંતુ જીવનની થોડી પળો તો એવી હોય જ છે કે જેમાં ભૌતિક સુખોથી સાંત્વના મળતી નથી કે બુદ્ધિવાદથી પણ શાતા મળતી નથી, કારણ કે શરીર, મન અને બુદ્ધિથી પર કંઈક પૃથક્ અલગ છે અને માનવી તેની ખોજમાં છે પરંતુ તે શું છે? આપણે શું શોધી રહ્યા છીએ? આપણી આ ભાગદોડનો હેતુ શું? તેની સમજમાં આ આવતું નથી. આવા અંધકારમાં પણ એક દીપક હોય છે, જે તેને માર્ગ પ્રદર્શિત કરે છે અને તે છે શ્રદ્ધાનો દીપક. આ દીપકની વિશેષતા એ છે કે તેના પ્રખર પ્રકાશમાં અપાર શાંતિ છે. સ્વામીજી પ્રત્યેકના મનના આ જ દીપકને પ્રજ્વલિત કરી રહ્યા હતા. સ્વામીજીનાં દર્શન માત્રથી લોકોને દિવ્ય અનુભવ થતા હતા. ધનાઢ્ય લોકો પણ સ્વામીજી પોતાના ભવનમાં પગલાં કરે, માટે હંમેશાં ઉત્સુક રહેતા, પરંતુ સ્વામીજીનું હૃદય સદાસર્વદા આર્ત, દલિત અને પતિતોની સેવા માટે જ દ્રવિત થતું રહેતું.

સ્વામીજી વ્યસની અને હતાશ લોકોને મળતા. તેવી જ રીતે જેલમાં જનમટીપ ભોગવનારા કેદીઓને પણ મળતા.

એક જેલમાં એક કેદીએ બૂમ મારીને પૂછેલું, 'અહીં શા માટે આવ્યા છો?'

'તમને ખબર છે? હું માણસોને કીડી-મકોડાની જેમ મારી નાખું છું. ધાડ મારવી કે ચોરી એ તો મારું જીવન છે. તમારા આ સમાજે જ મને આવો બનાવ્યો છે!' અને જાણે સમાજના મોઢા ઉપર થૂંકતો હોય તે પ્રમાણે તે ખૂબ નિર્દય થઈને થૂંક્યો. ફરીથી બોલ્યો, 'જાઓ, જાઓ. ચાલ્યા જાઓ કોઈ મંદિર કે આશ્રમમાં. તમારા જેવા લોકો માટે આ જગ્યા નથી. અરે! આ તો તમારા જ સમાજે અમારા માટે આ જગ્યા બનાવી છે. માટે, અમારું માથું કાણું ન કરો. પાપ ! અરે પાપ તો મારા લોહીમાં વણાયેલું છે... લોહીમાં!'

તેના સ્વરમાં ઉપહાસ હતો. આક્રોશ પણ હતો જ, પરંતુ સ્વામીજી જાણતા હતા કે આ નિરાશા-હતાશાનું કારણ છે. તેમણે કહ્યું, 'અરે ભાઈ! આ જગતમાં એવું કોણ છે કે જેણે પાપ ન કર્યું હોય? પ્રત્યેક મનુષ્ય ભૂલ કરે છે. તો શું આપણે આ ભૂલો ફરી ફરીને કરવાની? માટે તમો જ્યારે અહીંથી છૂટો ત્યારે એક નવા જીવનનો પ્રારંભ કરો. સમાજ જ શા માટે, ભગવાન...

પરમાત્મા પણ પોતાના બંને હાથ ફેલાવીને તમારા સ્વાગત માટે ઊભેલો છે.'

'પરમાત્મા! હં!' અને ફરીથી તેણે ખૂબ જ તોછડા સ્વરમાં કહ્યું, 'તેની પાસે, અમારા જેવા લોકો માટે સમય કે સ્થળ છે? ક્યાં છે?'

'કેમ, વાલિયા લૂટારુને તેમણે પ્રેમ ન હતો આપ્યો? અરે, મારા ભાઈ! ભગવાન તો માતાનું રૂપ છે. છોકરું ગમે તેટલું તોફાની હોય, પરંતુ મા હંમેશાં બાળકને પોતાની સોડમાં તાણીને વહાલ કરવાને ઉત્સુક હોય જ છે. બાળક જ તેના વાત્સલ્યને ભૂલી જાય છે. ભગવાનનું પણ તેવું જ છે. એક વાર પ્રેમથી બોલાવી તો જુઓ. તે તમારા જીવનમાં પ્રકાશ થઈને, સદ્‌ગુણ થઈને... દોડતો આવશે. તમોને શ્રેષ્ઠ જીવનનો માર્ગ દેખાડશે. તમારા પશ્ચાત્તાપનું એક આંસુ તેનાં ચરણ પખાળવા માટે પૂરતું છે. ઊઠો! હજુ કંઈ મોડું થયું નથી. તમો ફરીથી દેશના સારા નાગરિક બની શકો છો.'

'પરંતુ તમને મારી આટલી ચિંતા કરવાની કેમ જરૂર પડી? હું તમારો શું સગો થાઉં છું?' હવે તે તુંમાંથી તમો અને સન્માનનીય ભાષાનો ઉપયોગ કરવા લાગ્યો હતો. તેનો સ્વર પણ હવે ઉગ્ર રહ્યો ન હતો.

'આપણે બંને સહયાત્રી છીએ.'

અને કેદી ખડખડાટ હસી પડ્યો.

'સહયાત્રી?' એક સાધુ અને એક ખૂની સહયાત્રી?' શું તમો પાગલ તો નથી થઈ ગયા ને?'

જી ના. આપણે બંને આનંદની શોધમાં છીએ. તમોને તે દોલતમાં કે નશામાં આ આનંદ મળશે તેવું લાગેલું, તેથી તમો તે આનંદની શોધમાં ત્યાં ગયા. હું પણ આનંદની શોધમાં હતો. એ આનંદ મને ઈશ્વરપ્રાપ્તિમાં મળ્યો. મને જે આનંદ મળ્યો છે, તે હું તમોને કહેવા આવ્યો છું. તમો જે આનંદની શોધમાં છો તે આનંદનો સ્રોત ઈશ્વર છે. હું તમોને ત્યાં લઈ જઈ શકું, તમોને તે દિવ્ય વાસ્તવિક ચિરંતન આનંદનો આસ્વાદ કરાવી શકું છું.'

કેદી એક અકળ અચંબામાં પડી ગયો.

જેની આંખોમાં આજ સુધી ક્રોધ અને હિંસાના અંગારા જ વરસી રહ્યા હતા, તે આંખો આજે ભીની થઈ! તે અશ્રુ આજે ગંગાજળ જેટલાં મૂલ્યવાન હતાં. સ્વામીજીએ તેના હાથમાં પોતાનો વાત્સલ્યસભર આશ્વાસન પ્રદાયક હાથ મૂક્યો અને ત્યાંથી પ્રસ્થાન કર્યું. જતાં જતાં જેલને મંદિર બનાવતા ગયા.

☐ **'અમૃતપુત્ર'માંથી સાભાર**

## શિવાનંદ આશ્રમ અમદાવાદના આગામી કાર્યક્રમો

● **તા. ૧૮-૧૧-૨૦૧૩ થી ૨૭-૧૧-૨૦૧૩** સુધી પ્રાંગણમાં ૭૯૭મો યોગાસન, પ્રાણાયામ, ધ્યાન શિબિર, પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ શિબિરનું સંચાલન કરશે.

● **તા. ૧૬-૧૨-૨૦૧૩** શ્રી દત્તાત્રેય જયંતી - દત્તયજ્ઞ

● **તા. ૧૧-૧૨-૨૦૧૩ થી ૩૦-૧૨-૨૦૧૩** સુધી ૩૦મો યોગશિક્ષક આવાસીય-તાલીમ શિબિર. જે યોગ પ્રેમીઓ પોતે પ્રારંભિક યોગાસનોનું જ્ઞાન ધરાવે છે; અને બીજાને શિખવવા ઇચ્છે છે અને અંગ્રેજી માધ્યમમાં જ્ઞાન સંપાદન કરી શકે છે, તેઓને શિબિરમાં પ્રવેશ મળશે. પ્રવેશ માટે યુનિવર્સિટીના સ્નાતક કક્ષાનો અભ્યાસ કરેલો હોવો જરૂરી છે. જેમનું શરીર સ્વસ્થ છે, જેઓ કોઈપણ વ્યસનના વ્યસની નથી તેઓને પ્રવેશ આપવામાં આવશે.

દરરોજ સાડા અગિયાર કલાકનાં શિક્ષણમાં યોગાસનો, પ્રાણાયામ, મુદ્રા, બંધ, ક્રિયાઓ, શિથિલીકરણ ઉપરાંત તજ્જ્ઞ તબીબો દ્વારા શરીર વિજ્ઞાન અને આરોગ્યશાસ્ત્ર, ભગવદ્‌ગીતા, પાતંજલ, યોગદર્શન, રેઈકી ડિગ્રી એક અને બેનું જ્ઞાન સંપાદન કરાવવામાં આવશે. આ કોર્સ ગુજરાત યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત કરેલો સર્ટીફીકેટ કોર્સ છે. પ્રવેશ ઈચ્છતા મુમુક્ષુઓએ ૩૦ નવેમ્બર પૂર્વે પ્રવેશપત્ર ભરી લેવું. પ્રવેશપત્ર "divyajivan.org" પરથી મેળવી શકાશે.

# ધન્ય જીવન-૧

શ્રીમતી જ્યોતિબહેન થાનકી

'ગુરુદેવ, આજે રાત્રિના પાછલા પહોરે મને એક અદ્‌ભુત સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં મેં આપને એક અલૌકિક રત્નચિંતામણિ ભેટ ધર્યો.' સ્વપ્નનો અર્થ સમજવા ઉત્સુક સતી સાધ્વી પાહિનીદેવીએ ધંધૂકાના ઉપાશ્રયમાં ચૈત્યવંદના કરતી વખતે ગુરુ શ્રીદેવચંદ્રસૂરિને કહ્યું.

પાહિનીનું વચન સાંભળતાં જ ધર્મલાભ કહેવા ઉઠાવેલો હાથ એમ જ રહી ગયો અને એ વિતરાગી ગુરુએ ગંભીર બનીને ઊંચે જોયું. સામે શ્રદ્ધાના મૂર્તિમંત સ્વરૂપ જેવી નારી બે હાથ જોડી નતમસ્તકે ઊભી હતી. શ્રદ્ધા, પવિત્રતા અને ભક્તિના ભાવથી એનું વદન વધારે સૌમ્ય લાગતું હતું. તપ અને ઉપાસનાથી એનું અંતર સ્ફટિક જેવું સ્વચ્છ અને નિર્મળ જણાતું હતું. અત્યંત વિનમ્રતાથી પોતાના અદ્‌ભુત સ્વપ્નની વાત કહેતી આ નારી દ્વારા અરિહંત કોઈ મહાન સત્ત્વનું સર્જન કરવાના તો નહિ હોય ને! ગુરુદેવે વિચાર્યું અને તત્ક્ષણ જાણે કોઈ દિવ્ય બાળક અંતરિક્ષમાંથી પૃથ્વી પર આવતું ન હોય એવી એમને અનુભૂતિ થઈ અને તેઓ આનંદવિભોર બની બોલી ઊઠ્યા :

'ભદ્રે, આવાં સ્વપ્ન તો પૃથ્વી પર કોઈ ભાગ્યશાળીને જ આવે. એવું સ્પષ્ટ જણાય છે કે તું કોઈ મહાન સત્ત્વનું સર્જન કરશે. તારે ખોળે એક મહાન ચિંતામણિ વિતરાગ, વિરાગ અને વિદ્યા રત્નત્રયીની ઉપાસના માટે અવતરશે.'

'ગુરુદેવ, મારાં એવાં સદ્‌ભાગ્ય ક્યાંથી કે હું મહાન સત્ત્વને જન્મ આપું, પરંતુ આપના આશીર્વાદ અને કૃપામાં મને દૃઢ વિશ્વાસ છે એટલે આપની વાણી જરૂર સાર્થક થશે.'

તે દિવસથી પાહિનીદેવીનું અંતર અપૂર્વ આનંદથી છલકાઈ ગયું. તેમના પતિ ચાંગદેવ ધંધૂકાના અગ્રેસર શ્રેષ્ઠી હતા. તેમને વ્યાપાર-વાણિજ્યમાં વિશેષ અભિરુચિ હતી, છતાંય ધર્મ પ્રત્યેની શ્રદ્ધા પણ અતૂટ હતી, જોકે ઉપાશ્રયમાં નિયમિત રીતે જઈને ધર્મલાભ મેળવવાનો તેમને સમય મળતો નહીં તો પણ ધર્મપરાયણ પત્નીના કાર્યમાં તેઓ કદી વિક્ષેપ નાખતા નહીં. પાહિનીદેવીને ગુરુદેવ શ્રીદેવચંદ્રસૂરિમાં અદ્‌ભુત શ્રદ્ધા હતી. જ્યારે ગુરુદેવ ધંધૂકામાં બિરાજતા ત્યારે તેઓ ચૈત્યવંદન કરવા અને ધર્મલાભ પ્રાપ્ત કરવા ઉપાશ્રય અચૂક જતાં. ઘરમાં પણ તેમનાં વ્રત, નિયમ, ઉપાસના ચાલુ જ રહેતાં. આમ, ધર્મની ઉપાસના કરતાં કરતાં તેમના દિવસો પસાર થયે જતા હતા.

કાળક્રમે પાહિનીએ એક સુંદર બાળકને જન્મ આપ્યો. બાળકનું નામ આપ્યું ચંગદેવ. ચંગદેવ એટલો તો સુંદર હતો કે તેને જોનારાઓ સહુ તેના રૂપથી અંજાઈ જતાં. માતાપિતા તો બાળકમય જ બની ગયાં હતાં. માતાપિતાના જીવનમાં જે ખાલીપો લાગતો હતો તે બાળકલરવથી દૂર થઈ ગયો. બાળકના કાલાઘેલા શબ્દોમાં, તેના હાસ્ય અને રુદનમાં, તેની પાપા-પગલીઓમાં, તેની બાળસુલભ જીદમાં માતાપિતા પોતાના તમામ સંતાપો વિસરી ગયાં અને આનંદની અલૌકિક દુનિયામાં વિહરવા લાગ્યાં. માતા આવા સોહામણા બાળકને પોતાનાથી ઘડી પણ અળગો કરતાં નહીં. ચૈત્યવંદના કરવા જાય કે પાડોશીને ત્યાં જાય, સઘળે બાળકને પોતાની સાથે જ લઈ જતાં અને આમ જોતજોતામાં પાંચ વરસ પસાર થઈ ગયાં.

ગુરુદેવચંદ્રસૂરિ ધંધૂકાના ઉપાશ્રયમાં ફરી પધાર્યા હતા. પાહિનીને ખબર મળ્યા. પોતાના પાંચ વરસના બાળક ચંગદેવને ગુરુદેવના આશીર્વાદ મળે અને એમની અમીદૃષ્ટિ પડે તો બાળકનું જીવન ધન્ય બની જાય એમ માનીને ચંગદેવને લઈને તેઓ ઉપાશ્રયમાં ગયાં. પતિ વ્યાપારાર્થે બહારગામ ગયા હતા એટલે તેઓ પુત્રને લઈને એકલાં જ ઉપાશ્રયમાં પહોંચી ગયાં અને શાસનદેવની પૂજા, અર્ચના અને દર્શન કરવામાં એકાગ્ર બન્યાં. નાનકડો ચંગ માની પાસે જ બેઠો હતો, પણ બાળસહજ ચંચળતા તેને વધુ વખત સુધી સ્થિર બેસવા દે તેમ ન હતી. થોડી વારમાં તો તે ત્યાંથી બહાર નીકળી ગયો અને ઉપાશ્રયના પટાંગણમાં રમવા લાગ્યો. પૂજામાં

એકાગ્ર બનેલી માતાને આસપાસનું ભાન ન હતું. પૂજા પૂરી થઈ અને તેને ચંગ યાદ આવ્યો. તેમણે આજુબાજુ જોયું, પણ ક્યાંય ચંગ દેખાતો ન હતો. 'અરે, હમણાં જ અહીં હતો ક્યાં ગયો? મારો ચંગ ક્યાં ગયો?' મા બેબાકળાં બની ગયાં. વ્યાકુળ બનીને પુત્રને શોધવા લાગ્યાં. ત્યાં તેમણે ઉપાશ્રયના અંદરના ખંડમાં ગુરુના આસન પર નિશ્ચલ ચિત્તે બેઠેલા પુત્રને જોયો. એની બધી ચંચળતા અદૃશ્ય થઈ ગઈ હતી. ચંગને આટલો ગંભીર તેમણે ક્યારેય જોયો ન હતો, જાણે કે નાનકડો બાળમુનિ! તે ગુરુદેવના બેસવાના આસન પર સ્વાભાવિકતાથી બેઠો હતો! મા તુરંત જ ત્યાં દોડી ગયાં અને કહેઃ 'અરેરે, ચંગ આ તેં શુ કર્યું? આ તો ગુરુદેવનું આસન છે. એના ઉપર આપણાથી ન બેસાય. ઊભો થા' એમ કહી મા પુત્રને આસન પરથી ઉઠાડવા જતાં હતાં ત્યાં એક ધીરગંભીર અવાજ સંભળાયો.

'ભદ્રે, ચંગ ભલે ત્યાં જ બેસતો, એ જ તો એનું આસન છે. ત્યાંથી તેને ઉઠાડવાની કોઈની તાકાત નથી. શાસનદેવની એ જ ઇચ્છા છે.'

પાહિનીદેવી ચમક્યાં : 'અરે, આ તો ગુરુદેવનો જ અવાજ.' બે હાથ જોડી તેઓ ગુરુચરણે વંદના કરી રહ્યાં.

દેવચંદ્રસૂરિ એમને ધર્મલાભ કહેતાં, બોલ્યાઃ 'કલ્યાણી! યાદ છે ને તે દિવસનું મહાસ્વપ્ન?'

સ્વપ્નની, કેવળ યાદ અપાવીને ગુરુદેવ તો શાંત અને સ્થિર થઈ ગયા. તેઓ આગળ કશું જ ન બોલ્યા, પણ પાહિનીદેવી ગુરુદેવનો મર્મ સમજી ગયાં. તેઓ તો અગાધ પુત્રવાત્સલ્યમાં સ્વપ્નને વિસરી જ ગયાં હતાં, પણ આજે ગુરુદેવ એ સ્વપ્નની યાદ અપાવી શું કહેવા માગતા હતા? શંકાના ભયથી તેમનું હૃદય ફફડવા લાગ્યું. શું ગુરુદેવ એમનો આ અમૂલ્ય રત્નચિંતામણિ એમનાં ચરણોમાં ભેટ ધરવાનો સંકેત કરી રહ્યા હતા? પાહિનીદેવીએ આશાભર્યા હૈયે ગુરુ પ્રત્યે દૃષ્ટિ કરી, પણ તેઓ તો નિર્વિકાર, અચલ અને શાંત હતા. તેથી પાહિનીદેવી સમજી ગયાં અને તેમના અંતરમાં ચરચરાટ થઈ ગયો. ધર્મમાર્ગમાંથી ક્યારેય ચ્યૂત ન થનાર પાહિનીદેવીનું માતૃહૃદય દલીલ કરવા માંડ્યું : 'પણ એ તો સ્વપ્ન હતું. એમાં વાસ્તવિકતા ક્યાં હતી? અને ગુરુદેવને પોતે સ્વપ્ન સમર્પિત કરેલો એ અમૂલ્ય રત્નચિંતામણિ એ પોતાના હૃદયનો ટુકડો એવો ચંગ જ હોય તેની સાબિતી ક્યાં હતી? અને જો એ જ હોય તો શું આવા વહાલસોયા પુત્રને ગુરુનાં ચરણોમાં મૂકી દેવાનો?' ઘડીભર તો તેઓ દિગ્મૂઢ થઈ ગયાં. તેમની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં.

'ગુરુદેવ આ તો અમારો એકનો એક પુત્ર છે. અમારા બંનેનો એકમાત્ર આધાર છે. એના મુખ સામે જોઈને તો અમે અમારા દિવસો આનંદથી પસાર કરી રહ્યાં છીએ. એના વગર અમે જીવી શકીએ તેમ નથી. તેના પિતા બહારગામથી આવે ત્યારે ચંગને જોતાં જ એમનો સઘળો થાક ઊતરી જાય છે અને એમની સઘળી ચિંતાઓ એને જોતાં જ શમી જાય છે. આપ જ જુઓને, હજુ તો ચંગ કેટલો નાનો છે? આટલી નાની ઉંમરમાં તે માતા-પિતાથી અળગો કેવી રીતે રહી શકે? ના. ગુરુદેવ ના. બીજું આપ જે માગો તે આપું, પણ ચંગને તો મારી પાસે જ રહેવા દો.'

માના હૃદયની વેદના અને આજીજીભરી વાણી દેવચંદ્રસૂરિ જેવા વિરક્ત મુનિના અંતરમાં સ્પર્શી ગઈ. પાહિનીદેવીની મનઃસ્થિતિ જોતાં એમને પણ પોતાના પૂર્વાશ્રમની માતાનું પ્રેમાળ મુખ યાદ આવી ગયું. ક્ષણભર તો એય વિચલિત બની ગયા. એમના મનમાં વિચાર પણ આવી ગયો કે, 'ના, ના, ભલે રહ્યો, આ બાળક એની માતા પાસે. પછી ભવિષ્યમાં જોયું જશે. અત્યારે માના હૃદયને આઘાત નથી પહોંચાડવો.' પણ પછી ગુજરાતના ભાવિ વિષે વિચારતાં એ યોગીની દૃષ્ટિ સ્થિર થઈ ગઈ અને તેઓ એકદમ સાવધ થઈ ગયા. આ બાળક કંઈ ધંધૂકાની ધૂળમાં રગદોળાવા નહોતો આવ્યો. એ તો ગુજરાતના ઉદ્ધારાર્થે ઊતરી આવેલો એક તેજપૂંજ હતો. એ યોગીની દૃષ્ટિ જોઈ શકતી હતી, પણ પુત્ર મોહમાં આસક્ત માતાની દૃષ્ટિ એ જોઈ શકે તેમ જ ન હતી એટલે સૂરિજી એકદમ ધીરગંભીર થઈને સ્વસ્થ ચિત્તે બોલ્યાઃ

'ભદ્રે, મહાસ્વપ્ન તો તને યાદ છે ને? આ કંઈ સામાન્ય કાચનો ટુકડો નથી. આ તો અમૂલ્ય દુર્લભ રત્નચિંતામણિ છે. મહાન તેજપૂંજ લઈને અવતરેલો આ બાળક કદાચ તારી પાસે રહેશે તો અઢળક સંપત્તિનો

સ્વામી બનશે, યશ મેળવશે, કીર્તિ મેળવશે, શ્રેષ્ઠ બનશે, સમાજમાં આદરને પાત્ર બનશે, રાજ્યમાં બહુમાન મેળવશે, પણ એથી તારા જેવી સાધ્વીને શું સંતોષ થશે? તારો આ બાલપુત્ર તો યોગી થવા જન્મ્યો છે. જે બધાંને બંધનોમાંથી મુક્ત કરવા આવ્યો છે, તેને તું બંધનોમાં બાંધીશ? ગુર્જરભૂમિ પર જ સરસ્વતીની મંગલધારા વહાવવા આવ્યો છે, તેને શું તું તારા લાભ અને સ્વાર્થ માટે જ આ મહાન આત્માની શક્તિને રૂંધી નાખીશ? આ જીવન તો ક્ષણભંગુર છે. જન્મેલાનું મૃત્યુ નક્કી જ છે તો પછી જીવનનો મોહ શાનો? તારા આ બાળકને તું ધર્મને ચરણે મૂકી દે. એથી તો તારું માતૃત્વ ઉજ્જવળ બનશે. હે કલ્યાણી, આવા મહાન પુત્રને જન્મ આપનાર તું ધન્ય છે. ગુજરાતની વીર નારીઓ તો પોતાના પુત્રોને રણમોરચે મૃત્યુના મુખમાં હસતે મોઢે મોકલીને પોતાનો ધર્મ બજાવતી રહી છે. તે તું ક્યાં નથી જાણતી? ત્યારે તારે તો તારા પુત્રને ધર્મના પંથે મોકલવાનો છે. સહુના કલ્યાણ માટે તારે ત્યાગ કરવાનો છે. ભદ્રે, હવે વધુ વિચાર કરીને વ્યાકુળ ન બન. તારો આ મહાત્યાગ સમગ્ર ગુજરાતના ઇતિહાસની કાયાપલટ કરી નાખશે.' દેવચંદ્રસૂરિની ધીરગંભીર વાણી માના વાત્સલ્યભર્યા હૃદયમાં ધીમે ધીમે ઊતરતી જતી હતી. તેમનાં મોહ-મમતાનાં પડળો દૂર થતાં જતાં હતાં. પુત્ર તો હજુય ગુરુના આસન પર સ્થિર હતો. માને લાગ્યું કે કદાચ આ પદ માટે જ તેનું નિર્માણ તો નહીં થયું હોય ને? સ્વપ્નમાં પણ તેને આવા જ ભવિષ્યની આગાહી થઈ હતી. આમ, વિચારતાં માતાના અંતરને શાતા વળતી હતી. છતાંય પોતાના એકના એક લાડકા પુત્રને કઠોર તપસ્યા કરનાર વ્રતધારી મુનિના ખોળામાં મૂકતાં માતાને હિચકિચાટ થતો હતો. પાહિનીદેવી તપસ્વિની હતાં. પરંતુ એથીયે વિશેષ તો તેઓ માતા હતાં. તેમનામાં અત્યારે તો ભક્તિ કરતાંય વાત્સલ્ય પ્રબળ હતું. પોતાની જાતને જો ધર્મના ચરણે ધરી દેવાની હોત તો વાત જુદી જ હતી, પણ આ તો પોતાના એકના એક પાંચ વરસના પુત્રને સોંપવાની વાત હતી અને તેય તેના પિતાની ગેરહાજરીમાં. એ બની જ કેમ શકે? ઘરમાં આવતાં જ ચંગને એક ઘડીભર ન જોતાં બેબાકળા બની જનાર પતિની શી દશા થાય? એમને પૂછ્યા વગર આવડું મોટું અર્પણ પણ કેમ કરાય? પણ પછી એમને થયું કે પતિ હાજર હોત તો ક્યારેય ચંગને ગુરુનાં ચરણોમાં મૂકવા જ ન દેત. આમાં પણ શાસનદેવની ઇચ્છા એવી હશે એટલે જ એમને બહારગામ જવાનું થયું. આમ માનીને તેમણે હૃદય કઠણ કર્યું, મન મજબૂત કર્યું. પોતાની જાત ઉપર સંયમ મેળવ્યો અને પોતાના પ્રાણપ્રિય બાળકને તેડીને અત્યંત વહાલ કર્યું. પછી બાળકનું મસ્તક ગુરુનાં શ્રીચરણોમાં નમાવ્યું. પોતે પણ નમન કર્યું અને બાળકને ત્યાં જ મૂકીને તેઓ ઉતાવળે પગલે બહાર નીકળી ગયાં.

ચૈત્યમંદિરનાં પગથિયાં તેઓ જે ઉત્સાહથી ચઢી રહ્યાં હતાં તે ઉત્સાહ પાછા ફરતાં પાહિનીદેવીમાં રહ્યો ન હતો. આ સમયે તેમના મનમાં ભારે ગડમથલ થતી હતી. કદી ક્ષણ માટે પણ પોતાના બાળકથી વિખૂટાં ન પડનાર માતા પોતાના જ હાથથી વહાલા પુત્રને ગુરુદેવને ચરણે સમર્પિત કરીને હંમેશ માટે વિખૂટાં પડી ગયાં હતાં. ધીમે ધીમે પગથિયાં ઊતરી રહેલાં માતાના કાને ઝાંઝરનો ઝણકાર સંભળાયો. મા રોમાંચિત થઈ ગયાં. આ તો એ જ ચિરપરિચિત સોનેરી ઘૂઘરીનો રણકાર હતો. જ્યારે જ્યારે આ રણકાર માને સંભળાતો ત્યારે ત્યારે 'મા' 'મા' કહેતો ચંગ તેમની પાછળ દોડતો આવ્યો જ હોય એમ હમણાં ચંગ એમની પાછળ પાછળ દોડ્યો આવશે. એમનાથી અનાયાસે પાછળ જોવાઈ ગયું તો તેના જ પગની ઝાંઝરીઓ રણઝણી રહી હતી. પોતાના વહાલા પુત્રને ઊંચકી લેવાનું એમને મન થઈ આવ્યું, પણ તેઓ થંભી ગયાં. હવે ચંગ એમનો પુત્ર રહ્યો ન હતો. એ તો ગુરુદેવનો પુત્ર બની ગયો હતો. હવે એના ઉપર એમનો કશો જ અધિકાર રહ્યો ન હતો. છતાં તેમને થયું કે ભલે દૂરથી પણ એક વાર એ રૂપાળા મુખને મન ભરીને જોઈ લે. એ સુંદર સોહામણું મુખ ફરી ક્યારેય આટલું સમીપથી જોવા ન પણ મળે પણ માત્ર એક વાર ધરાઈને જોયાથી માના હૃદયને તૃપ્તિ થાય તેમ ક્યાં હતી? આખરે પોતાની જાત પ્રત્યે કઠોર બની પુત્રના સોહામણા મુખને છેલ્લીવાર પોતાના અંતરમાં ઉતારી નવકાર મંત્રનું સ્મરણ કરતાં મા ઝડપથી પગથિયાં ઊતરી ગયાં.

ઘરમાં પાછાં આવતાં તો સર્વત્ર સૂનકાર વ્યાપી

ગયેલો લાગ્યો. તેમનું ચિત્ત ક્યાંય ચોંટતું ન હતું. પતિ તો બહારગામ ગયા હતા એટલે હૈયાની અકથ્ય વેદના ઓગાળવા એમણે પૂજાપાઠનો આશ્રય લીધો. પોતાની જાતને એમણે ધર્મસાધનામાં પરોવી દીધી. પોતાનો પુત્ર મહાન થવા સર્જાયો છે. ગુરુદેવના આશ્રયમાં રહેવાનું સદ્ભાગ્ય તેને મળ્યું છે. અહીં મારી પાસે હતો તેના કરતાં પણ ત્યાં વધારે સુરક્ષિત છે. એના માટે ચિંતા કરવાની ન હોય, એને યાદ કરીને આંસુ સારવાનાં ન હોય. ગુરુદેવનાં વચનો કદી મિથ્યા થતાં નથી એટલે એના ભવિષ્ય માટે શંકા સેવવાની હોય જ નહિ.' આમ, પોતાની જાતને અનેકવાર સમજાવતાં સમજાવતાં માતાએ પુત્રને ધર્મના ચરણે સોંપીને પોતાની જાતનેય કઠોર તપશ્ચર્યામાં લીન કરી દીધી. બહારગામથી ચાંગદેવ ઘેર આવ્યા. ઘરમાં પ્રવેશતાં જ ઝાંઝરના ઝણકાર સાંભળવા ટેવાયેલા કાનને કંઈક અજુગતું લાગ્યું. હમણાં ચંગ દોડતો આવીને પિતાને વળગી પડશે અને તેઓ વહાલથી પુત્રને ઊંચકીને હૃદયસરસો ચાંપી દેશે. પોતે તેના માટે કેવાં કેવાં સુંદર રમકડાં લાવ્યા હતા એ જોતાં જ ચંગ ખુશ થઈને નાચી ઊઠશે. આવી સુમધુર કલ્પનાઓ કરતા પિતા અંદરના ખંડમાં ગયા, પણ ત્યાંય ક્યાંયથી ચંગનો અવાજ ન સંભળાયો. અનિષ્ટ આશંકાથી એમનું હૈયું ભરાઈ આવ્યું. કેમ ચંગ ક્યાંય દેખાતો નહોતો. પાહિનીદેવી ભગવાનની પૂજામાં મગ્ન હતાં ત્યાં તેઓ અત્યંત ઉતાવળે ગયા અને પૂછ્યું : 'ચંગ ક્યાં ? કેમ દેખાતો નથી?'

આટલા દિવસોમાં વ્રત, ઉપવાસ અને અખંડ ઉપાસનાથી પાહિનીદેવીએ અંતરનું બળ મેળવી લીધું હતું. સ્વસ્થ બનીને તેમણે શાંત ચિત્તે કહ્યું, 'ચંગ ગુરુ દેવચંદ્રસૂરિના ચરણે છે.'

☐ **'ભક્તિ અને શક્તિ'માંથી સાભાર**

# શ્રી હરિવદનભાઈ અંતાણીનું સન્માન



દિવ્ય જીવનસંઘ, રાજકોટના પ્રાણ સમાન આદરણીય શ્રી હરિવદનભાઈ અંતાણીનું રાજકોટના સુપ્રસિદ્ધ દૈનિક 'ફુલછાબ' દ્વારા જાહેર સન્માન કરવામાં આવ્યું.

પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીના પ્રાકટ્ય દિવસે પૂજ્ય મોરારીબાપુના વરદ હસ્તે આદરણીય શ્રી હરિવદનભાઈને 'સેવા રત્ન'નું બિરુદ આપી નવાજવામાં આવ્યા. આ પ્રસંગે બોલતાં પૂજ્ય બાપુએ કહ્યું. 'જેને સેવાના હેવા પડ્યા હોય તે જ સમાજ માટે ઘસાઇ શકે છે. આ હેવા જેને છે તેવા હરિવદનભાઈની સેવાને પ્રણામ કરું છું.' શ્રી હરિવદનભાઈ અંતાણીને આ પૂર્વે પણ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ દિવંગતશ્રી નવલકિશોર શર્માજીના વરદ હસ્તે ''શિવાનંદ રત્ન'' બિરુદથી સન્માનવામાં આવ્યા હતા. ૮૩ વર્ષની જૈફ વયે હજુ દરરોજ પગે ચાલીને તેમનાં સેવા કાર્યમાં નિયમિતપણે વિચરણ કરે છે. નેત્રયજ્ઞો, વિકલાંગોને ટ્રાયસાયકલ આપવી અનેક પ્રકારના રોગીઓની સારવાર માટે આવશ્યક તબીબી સહાય સત્વરે ઊભી કરવી, ઉપરાંત તેમના જનસંપર્ક તથા પ્રાર્થના સભર જીવનની મહેકથી સમગ્ર રાજકોટ પરિચિત છે.

દિવ્ય જીવન સંઘ માં શ્રી ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ, શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ અને પૂજ્ય બાપુજી (ડૉ. સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી)નાં જીવનથી પ્રેરણા પ્રાપ્ત કરી તરવરાટ કરતા સેવાસભર તેમનાં જીવનને અભિનંદન આપતાં સમગ્ર શિવાનંદ પરિવાર ગર્વ અનુભવે છે. તેમના ઉપર શિવાનંદકૃપા છે, તે શાશ્વત રહે, એજ અભ્યર્થના.

ૐ શાંતિ

# વૃત્તાંત

● **તા. ૧-૧૦-૨૦૧૩ :** અમદાવાદ દર મહિનાના પહેલા દશ દિવસ આદરણીય ડૉ. સ્નેહલ અમીન સાહેબ દ્વારા યોગના નવા અભ્યાસુઓ માટે પ્રશિક્ષણ કાર્યક્રમ આયોજાય છે, આ મહિને પણ આયોજાયો. આ વર્ગ સવારે ૫.૩૦ થી ૭.૩૦ સુધી ચલાવવામાં આવે છે.

● **તા. ૨-૧૦-૨૦૧૩ :** પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીના પ્રાગટ્ય પર્વે પવિત્ર સાબરમતી આશ્રમમાં સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન થયું, જેનું નેતૃત્વ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે કર્યું. ગુજરાત રાજ્યનાં મહામહિમ રાજ્યપાલ મહોદયા ડૉ. કમલાજી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં.

● **તા. ૩-૧૦-૨૦૧૩ :** સુપ્રસિદ્ધ વિશાલા સંસ્થાએ આ વર્ષે બીજી વખત આદિવાસી વિસ્તારમાં રહેલા આપણાં ભાઈ-બહેનોનાં શિક્ષણ, ભૌતિક વિકાસ અને આધ્યાત્મિક ઉત્કર્ષ અર્થે સેવા બજાવતાં ચાર ભાઈ-બહેનોને 'ગાંધીમિત્ર' એવોર્ડથી સન્માનિત કર્યાં. આ સન્માન ગુજરાત રાજ્યનાં મહામહિમ રાજ્યપાલ ડૉ. કમલાજી બેનીવાલના વરદ હસ્તે થયું. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી પણ અતિથિવિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા.

● **તા. ૧-૧૦ થી ૭-૧૦-૨૦૧૩ :** અમદાવાદની સુપ્રસિદ્ધ સંસ્થા અમદાવાદ મેનેજમેન્ટ એસોસીયેશન દ્વારા ૨૧મા મેનેજમેન્ટ સપ્તાહનું આયોજન તા. ૧-૧૦ થી ૭-૧૦ સુધી થયું. તેમાં આ વર્ષે 'વ્યવસ્થા ક્ષેત્ર અનુશાસનમાં સંઘર્ષ અને તેનું ભારતીય પુરાતન સાહિત્ય દ્વારા નિરાકરણ' વિષય પર પ્રવચનો આયોજાયાં. તેમાં B.A.P.S.ના સ્વામી બ્રહ્મવિહારીદાસજી મહારાજે રામાયણ, સુશ્રી ડૉ. પ્રેમા પાંડુરંગ (મદ્રાસ) દ્વારા ભગવદ્‌ગીતા, શ્રી સ્વામી અનુભવાનંદજી મહારાજ (મુંબઈ) દ્વારા શિવપુરાણ, પૂજ્યા સ્વામિની વિમલાનંદ માતાજી (કોઈમ્બતુર) દ્વારા મહાભારત, શ્રી જોસેફ એમેટ (લોસ એન્જલ્સ, યુ.એસ.એ.) દ્વારા વેદ અને ઉપનિષદ, પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ દ્વારા ભાગવતમ્ અને શ્રી જી.નારાયન (વડોદરા) દ્વારા પંચતંત્ર પર આધારિત સમાધાનો વિષે ચર્ચા કરવામાં આવી.

● **તા. ૫-૧૦ થી ૧૩-૧૦-૨૦૧૩ :** પવિત્ર આશ્વિન નવરાત્રીનું દિવ્ય આયોજન શિવાનંદ આશ્રમની શ્રીશ્રી અષ્ટલક્ષ્મી-આદિશક્તિપીઠ ખાતે થયું. તા. ૫-૧૦ થી ૧૧-૧૦ સુધી દરરોજ સવારે સામૂહિક રીતે સમગ્ર ગીતાપાઠનું પારાયણ થયું. તા. ૫-૧૦ થી ૧૨-૧૦-૨૦૧૩ની ઢળતી બપોરે દરરોજ સામૂહિક રીતે શ્રી દુર્ગા સપ્તશતીનું પારાયણ થયું. આ બંને પારાયણોનું નેતૃત્વ મંદિરના આચાર્ય શ્રી કમલેશ મહારાજ, યોગાચાર્યા શ્રીમતી સુરેખાબહેન સોનાર અને શ્રીમતી મયૂરિકાબેન ઓઝા દ્વારા કરવામાં આવ્યું, જેનો લાભ અગણિત ભક્તોએ લીધો.

તા. ૧૨-૧૦-૧૩ને શનિવારના રોજ અષ્ટમીનો હવન થયો. કન્યાપૂજામાં ૧૦૮ બટુક-કુમારિકાઓનું પૂજન થયું. મહાપ્રસાદ પણ જમાડવામાં આવ્યો.

સન્માનનીયા શ્રીમતી હિનાબહેન પટેલ અને શ્રી શ્વેતાંગ પટેલના ઉદાર ચરિત ભાવ, પૂજા, શ્રદ્ધા અને સમર્પણે આશ્રમના શ્રીશ્રી અષ્ટલક્ષ્મી મંદિરમાં સિંહ આરૂઢ અષ્ટભુજા જગદંબાના દિવ્ય વિગ્રહની સ્થાપના અને પ્રાણપ્રતિષ્ઠા ખૂબજ વિધિવત્ ષોડશોપચાર પૂજાઓ સાથે અષ્ટમીના મંગળ પ્રભાતે કરવામાં આવી.

નવમી અને વિજયાદશમી એક દિવસે હતાં, તે દિવસે શ્રી લક્ષ્મીહવન, વિદ્યારંભણ અને નવરાત્રી સાધના સમાપન વિધિ થયો.

● દરરોજ રાત્રે આશ્રમ પ્રાંગણમાં ગરબા થયા. છેલ્લા દિવસે ૩૫૦થી વધુ બાળકોને શ્રી જયંતીભાઈ વૈષ્ણવની ઉદાર ચરિત સખાવતથી સ્ટીલના ડબ્બા, ચોકલેટ્સ અને રાત્રે સૌભક્તોને જલેબી-પાપડીનો પ્રસાદ આપવામાં આવ્યો.

● **તા. ૧૪-૧૦-૨૦૧૩ : લખનઉ :** ડૉ. રાજેશ કશ્યપ અને ડૉ. અનિલ શ્રીવાસ્તવના પ્રેમપૂર્ણ નિમંત્રણે પૂજ્ય સ્વામીજી આજરોજ લખનઉ પધાર્યા, સર્વે વડીલો અને થોડા અશક્ત વૃદ્ધોને દર્શન આપ્યા બાદ રાત્રે પૂજ્ય સ્વામીજી જલંધરનાં ભક્ત દંપતી શ્રી અને શ્રીમતી કિરણ ટંડનને ત્યાં રોકાયા. ત્યાં શ્રી ટંડનનો જન્મદિવસ ખૂબ જ ધામધૂમથી મોડી રાત સુધી ઊજવવામાં આવ્યો.

● **તા. ૧૫-૧૦થી ૨૫-૧૦ :** અમદાવાદ દર મહિને નવા યોગ મુમુક્ષુઓ માટે પંદરથી પચીસ તારીખ સુધી સાંજે પણ યોગવર્ગ ચાલે છે, જેનું સંચાલન શ્રીમતી મંજુ નારંગ અને સહાયક યોગશિક્ષકોએ કર્યું.

● **તા. ૧૫-૧૦-૨૦૧૩ : જેઠવારા-પ્રતાપનગર** (ઉ.પ્ર.) લખનઉથી રાયબરેલી, અમેઠી પછી પ્રતાપનગરની તરફ ઉત્તરપ્રદેશનાં આંતરિયાળ ઈલાકાઓમાં હિન્દુ અને મુસલમાન પ્રજા વચ્ચે હંમેશાં ક્લેશ વધ્યો હતો. અહીં જેઠવારા (પ્રતાપનગર) ખાતે દિવંગત પંડિત શ્રી બદરીપ્રસાદ પાંડેય અને શ્રી હિદાયુતુલ્લાહ ચર્તુવેદીજી એ આ ક્લેશ વચ્ચે સુલેહ અને અમન માટે બહુજ પ્રયત્ન કર્યા. આદરણીય શ્રી બદરીપ્રસાદ પાંડેયજી પવિત્ર કુરાને શરીફના વિદ્વાન અને અભ્યાસુ જીવ હતા, તેથી હિન્દી, સંસ્કૃત, અંગ્રજી ઉપરાંત પર્શિયન અને અરબી ભાષાઓમાં પ્રવચનો કરતા. જયારે જનાબ હિદાયુતુલ્લાહ ચતુર્વેદીજી ૮૯ વર્ષે બુલંદ અવાજે વેદ ઘોષ કરી ઉપનિષદના આર્ષ અને ગહન જ્ઞાનનું હજુ પણ સંપાદન કરે અને કરાવે છે. આમ, આ જેઠવારા (પ્રતાપનગર) ખાતે સર્વધર્મ સમન્વય-સદ્‌ભાવના સમારોહનું પચ્ચીસમું વર્ષ હતું. આ રજતજયંતી પર્વના અધ્યક્ષસ્થાને પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજને નિમંત્રવામાં આવ્યા. સભામાં હિન્દુ અને મુસ્લિમ શ્રોતાઓ અને વક્તાઓ પણ મૌલવી અને સંતો સાથે બેઠા. અમન અને શાંતિ માટેના સ્તુત્ય અને અનુકરણીય પ્રયાસ માટે ડૉ. શક્તિપ્રસાદ પાંડેયને અભિનંદન.

● **તા.૧૮-૧૦-૨૦૧૩ : અમદાવાદ:** શરદપૂર્ણિમાની નિર્મળ ચાંદની અને નિરભ્ર આકાશ તળે આશ્રમના પ્રાંગણમાં આદરણીય શ્રી રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી) દ્વારા પાંચમા શ્રી સ્વામી ચિદાનંદ સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન થયું. આશ્રમની આખીયે લોનમાં ખીચોખીચ બેસીને હજારો શ્રોતાઓએ નીરવ શાંતિ સાથે પૂજ્ય ભાઈશ્રીના 'રાસપંચાધ્યાય' વ્યાખ્યાનનું કથામૃત માણ્યું. પૂજ્ય સ્વામીજી અધ્યક્ષસ્થાને રહ્યા.

આશ્રમના દ્વાર પર ભાઈશ્રીનું પરંપરાગત અર્ધ્ય, પાદ્ય, નિરાજનં સાથે સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ બધાં દેવમંદિરોમાં દર્શન કરી શ્રી સ્વામી ચિદાનંદ ધ્યાન-યોગ મંદિરમાં પ્રવેશીને ત્યાંની ગરિમા અને ગૌરવથી ખૂબ જ પ્રભાવિત થયા. આશ્રમ પ્રાંગણમાં ચંદનનો છોડ રોપ્યા બાદ તેમના ઉદ્‌બોધન પૂર્વે આશ્રમના યોગશિક્ષક વૃંદે પ્રાર્થના અને શ્રીમતી મયૂરિકા ઓઝાએ ભજન પ્રસ્તુત કર્યું.

પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે શ્રદ્ધેય શ્રી રમેશભાઈ અને મંચસ્થ શ્રી ભાગવતઋષિના શિવાનંદ આશ્રમ હૃષીકેશ સાથેના સંબંધોને વાગોળી તાજા કર્યા. શ્રદ્ધેય શ્રી રમેશભાઈ એ પણ પૂજ્ય સ્વામી કૃષ્ણાનંદજી મહારાજની વિદ્વત્તા, પૂજ્ય ગુરુદેવ સ્વામી ચિદાનંદજી મહારાજની પવિત્રતા અને દિવ્યતા તથા શિવાનંદ આશ્રમ ખાતેની તેમની ત્રણેય ભાગવત કથાઓનાં સંસ્મરણો વાગોળ્યાં. ઉપસ્થિત વિશાળ જનમેદનીએ કૃત્ય કૃત્ય થઈ શરદપૂર્ણિમાની નિર્મળ ચાંદનીનાં અમૃત વર્ષણ વચ્ચે ભાઈશ્રીના કથામૃતનું આસ્વાદન કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી

રૂપાબહેન મજમુદારે કર્યું. આ પવિત્ર પ્રસંગના સંયોજક શ્રી શ્રેયસભાઈ પંડ્યા સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા, તેમણે તથા આશ્રમના ટ્રસ્ટી તથા સચિવશ્રી રાજીવ શાહે ભાઈશ્રી રમેશભાઈનું શાલ, દુશાલા, મૌક્તિક માળા અર્પણ કરી અભિવાદન કર્યું. અલ્પાહાર પછી ભાઈશ્રીની મંડળીએ હર્ષોલ્લાસ વચ્ચે વિદાય લીધી.

● **તા. ૧૯-૧૦ અને ૨૦-૧૦-૨૦૧૩: રાજકોટ:** દિવ્ય જીવન સંઘ રાજકોટ ખાતે અનેક વર્ષો પૂર્વે બાલસંસ્કાર કેન્દ્ર સંચાલનનું પાયાનું કામ થયું. આ બાળકો હવે યુવાની વ્યતીત કરી પ્રૌઢ થઈ ગયાં. તેમાંના એક શ્રી નરેન્દ્ર વિઠલાણીએ તા. ૨૦-૧૦-૨૦૧૨ને રવિવારના રોજ તેમની જીવનયાત્રાનાં પચાસ વર્ષ પૂરાં કર્યાં. આ પ્રસંગે વિઠલાણી પરિવાર દ્વારા રાજકોટના સુપ્રસિદ્ધ મણિયાર હોલ ખાતે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનાં બે જાહેર પ્રવચનોનું આયોજન કર્યું. તા ૧૯-૧૦-૨૦૧૩ની સાંજે ''સાંપ્રત સમયમાં રાષ્ટ્ર પ્રત્યે નાગરિકોનું કર્તવ્ય'' અને ૨૦-૧૦-૨૦૧૩ની સાંજે ''આપણી સમસ્યાનું સમાધાન આપણે જ'' વિષયક ખૂબ જ મનનીય પ્રવચનો થયાં. બંને દિવસ શિવાનંદ ભવન, દિવ્ય જીવન સંઘ રાજકોટ ખાતે પ્રાર્થનાસભાઓ આયોજાઈ અને ભક્તોની ઇચ્છાને માન આપી અનેક ભક્તોને ત્યાં પધારી પૂજ્ય સ્વામીજી મહારાજે સૌને આશીર્દાન કરી લાભાન્વિત કર્યા.

● **તા. ૨૨-૧૦ થી ૨૫-૧૦-૨૦૧૩ લુધિયાણા :** લુધિયાણા સ્ટીલ્સના આમંત્રણે દરવર્ષે પૂજ્ય સ્વામીજી શ્રીમતી દર્શન અને શ્રી રાજકુમાર જૈનને ત્યાં પધારે છે. આ વર્ષે પણ તેમના દ્વારા આયોજિત સત્સંગ રખબાગ ખાતે થયો.

● **તા. ૨૬-૧૦-૨૦૧૩ : જાલંધર :** યોગાચાર્ય શ્રી દેવેન્દર અરોરા અને શ્રીમતી રમણ કપૂરે પૂજ્ય સ્વામીજીનું જાહેર પ્રવચન શ્રી આર્યસમાજ મંદિરના વિશાળ પટાંગણમાં આયોજન કર્યું.

● **તા.૨૬-૧૦-૨૦૧૩ : અમૃતસર :** નિર્મલ વેદાંત સત્સંગના ૬૩મા વાર્ષિક સમારોહનું ઉદ્‌ઘાટન તા. ૨૬-૧૦-૨૦૧૩ની બપોરે સ્વામીજીએ કર્યું.

● **તા. ૨૭-૧૦-૨૦૧૩ : ચંડીગઢ :** ડૉ. નિર્મલ ભાટીયા અને શ્રી ધર્મવીર ભાટીયા. I.A.S. દ્વારા આયોજિત કાર્યક્રમો માટે એક દિવસ માટે પૂજ્ય સ્વામીજી ચંડીગઢ પધાર્યા; તેમના નિવાસ દરમિયાન સ્વામીજી પચકૂલા અને ચંડીગઢના ભક્તો તથા દિવ્ય જીવન સંઘ, ચંડીગઢના કાર્યક્રમોમાં પણ સામેલ થયા.

● **તા. ૨૮-૧૦-૨૦૧૩ : અંબાલા :** દિવ્ય જીવન સંઘ અંબાલાના અધ્યક્ષ ડૉ. ઓમપ્રકાશ શર્માજીના નિમંત્રણે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ અંબાલા પધાર્યા અત્રે સાંજે જાહેર સત્સંગ તથા સંકીર્તનનો ભવ્ય કાર્યક્રમ આયોજાયો.

● **તા. ૨૯-૧૦-૨૦૧૩ કરનાલ :** કર્ણયોગ એસોસિયેશનના નેતૃત્વમાં પ્રતિવર્ષ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનાં નિર્મલ ધામ ખાતે, ગવર્નમેન્ટ કોલેજ ખાતે અને મ્યુનિસિપલ ટાઉનહોલ ખાતે જાહેર પ્રવચનો આયોજાય છે. શ્રી રીપન ગુપ્તા, શ્રી વિનય કોહલી અને હિન્દુસ્તાન ઈન્ડસ્ટ્રીઝના સંયુક્ત પ્રયાસે આ સર્વે સમારંભો ખૂબ જ લોકોપયોગી બને તે રૂપે આયોજાયા. નિર્મલધામના પૂજ્ય બાબા અમરીકદેવજી પણ સમગ્ર સંતમંડળ સાથે બધા કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા.

● **તા. ૩૦-૧૦-૨૦૧૩ દિલ્હી.** શ્રીમતી અનીતા અને શ્રી રજનીશ કશ્યપ (મેનેજર, એર ઈન્ડિયા)નાં નિમંત્રણે દ્વારકા (દિલ્હી) ખાતે પૂજ્ય સ્વામીજીના સત્સંગનો લાભ દ્વારકાવાસીઓને મળ્યો.

આ ઉપરાંત આશ્રમની તમામ સેવાઓ-પૂજાઓ, સત્સંગો તથા રેઈકી વર્ગો નિયમિત અને ઉત્સાહપૂર્વક સંપન્ન થયા.

100% BIS Hallmark Jewellery




સુવર્ણકલા મહોત્સવ

સુવર્ણકલામાં સોના, હીરા અને જડતરનાં દાગીનાની મજૂરી ઉપર
100%* સુધીનું ડિસ્કાઉન્ટ તો ખરું જ !
તો આ સુવર્ણ તકને પ્રાપ્ત કરવા જરૂરથી પધારો.
**સી. જી. રોડઃ નેશનલ પ્લાઝા, લાલ બંગલા સામે, અમદાવાદ-380006.**
(ઑફર રતનપોળ શો-રૂમ પર પણ ઉપલબ્ધ.) *શરતોને આધીન Follow us on: f

**SUVARNA**KALA®
Gold, Diamond & Jadtar Jewellery
BIS Approved Jeweller
**Sunday Open**

HETARSH

ISO 22000
ફૂડ સેફ્ટી પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.

ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

**રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.**

સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

Identity



અન્નકૂટના પ્રસાદનું દરિદ્રનારાયણોની સેવાર્થે
વિતરણ માટે આશ્રમ ભક્તવૃંદ દ્વારા તૈયારી



શ્રીશ્રી અષ્ટલક્ષ્મીભવન શિવાનંદ આશ્રમ ખાતે શ્રી સિંહવાહિની
દુર્ગાજીની દિવ્ય પ્રતિમાનું પ્રતિષ્ઠાપન (૧૨-૧૦-૨૦૧૩)




શ્રી સ્વામી ચિદાનંદજી સ્મૃતિ વ્યાખ્યાન પ્રવક્તા :
પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા (તા. ૧૮-૧૦-૨૦૧૩)



આંતરરાષ્ટ્રીય સંત શ્રી રામસિંહજી મહારાજ
(અધ્યક્ષ, નિર્મલ ધામ હૃષીકેશ) સાથે એક અવિસ્મરણીય
મુલાકાત (અંબાલા તા. ૨૯-૧૦-૨૦૧૩)



શિવાનંદ આશ્રમ ખાતે દિવ્ય કન્યાપૂજા
(તા. ૧૨-૧૦-૨૦૧૩)



વિશાલા ખાતે ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ
ડો. કમલા બેનીવાલજી દ્વારા પૂજ્ય સ્વામીજીનું અભિવાદન




અમદાવાદ, મેનેજમેન્ટ એસોસીએશન દ્વારા આયોજિત ૨૧મા મેનેજમેન્ટ વીક ખાતે
ઉદ્‌બોધન કરતા પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ (તા. ૬-૧૦-૨૦૧૩)



૨જી ઓક્ટોબર ૨૦૧૩, ગાંધી જયંતી ઉત્સવ, સર્વધર્મ સદ્‌ભાવ પ્રાર્થના સભા,
મહામહિમ રાજ્યપાલ ડો. કમલા બેનીવાલજીની ઉપસ્થિતિમાં સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતે.

## દૃઢ સંકલ્પ

બધા જ બારેબાર માસ, દર માસનો પ્રત્યેક દિવસ રોજરોજના ચોવીસે કલાક આપણે સભાનતામાં જીવીએ અને આપણા જીવનને દિવ્ય બનાવીએ. આપણા જીવનને એવી સૌન્દર્યકૃતિ બનાવીએ કે પ્રાણીમાત્ર માટે એ આનંદનો વિષય બની જાય. ઈશ્વરનાં સંતાન બનીને, સ્વભાવે પણ દૈવી બનીને જ આપણે જીવીએ.

**- સ્વામી ચિદાનંદ**

Print Vision

If undelivered return to:
**"Divya Jivan" Gujarat Divya Jivan Sangh**
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234